

PRGI No. GUJGUJ/2016/70752

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 201
Dt.: 27-05-2026,
Wednesday
Page:04
Rs.00.50 paisa


### બંગાળમાંથી ઘૂસણખોરોનું પલાયન શરૂ

# બાંગ્લાદેશ સરહદે ટોળેટોળા, સરકારની '3D' નીતિથી ફફડાટ

## સરકારની આ કડક વહીવટી કાર્યવાહીના કારણે પશ્ચિમ બંગાળમાં ઘૂસણખોરી અને નાગરિકતાના મુદ્દે રાજકારણ ફરી ગરમાયું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)પશ્ચિમ બંગાળ

પશ્ચિમ બંગાળની ભાજપ સરકાર દ્વારા શરૂ કરાયેલી 'ડિટેક્ટ, ડિલીટ ઍન્ડ ડિપોર્ટ' (ઓળખો, હટાવો અને દેશનિકાલ કરો)નીતિ બાદ હવે ગ્રાઉન્ડ લેવલ પર મોટી વહીવટી કાર્યવાહી શરૂ થઈ ગઈ છે. સરકારના આ કડક અભિયાનના ડરથી બાંગ્લાદેશ સરહદના અલગ-અલગ વિસ્તારોમાં ગેરકાયદેસર રીતે રહેતા બાંગ્લાદેશીઓની મોટી ભીડ જામવા લાગી છે. ઉત્તરી ૨૪ પરગણા અને માલદા જિલ્લામાંથી સામે આવેલા દૃશ્યો સાબિત કરે છે કે, સરકાર હવે માત્ર રાજકીય નિવેદનો આપવાને બદલે કડક એક્શન લઈ રહી છે.

ઉત્તરી ૨૪ પરગણાના બશીરહાટ વિસ્તારમાં આવેલા હકીમપુર ચેકપોઈન્ટ પર મંગળવારે સવારે ૧૦૦થી વધુ બાંગ્લાદેશી પુરુષો અને મહિલાઓ એકઠા થયા હતા. આ તમામ લોકો ઈન્ટરનેશનલ બોર્ડર પાર કરીને જાતે જ પાછા બાંગ્લાદેશ જવા માંગતા હતા. પોલીસના હાથે પકડાઈ જવાના ડરથી અને સરકાર દ્વારા શરૂ કરાયેલા હોલ્ડિંગ સેન્ટરોના કારણે ગેરકાયદે રહેતા આ લોકો પોતે જ સરહદે પહોંચી રહ્યા છે. સરહદ પર આ ભીડ મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીના એ એલાન પછી જોવા મળી છે, જેમાં તેમણે ઘૂસણખોરોને પકડવા માટે 'ડિટેક્ટ, ડિલીટ ઍન્ડ ડિપોર્ટ' (ઓળખો, રદ કરો અને દેશનિકાલ કરો)ની નવી પોલિસીની જાહેરાત કરી હતી. BSFના ઉચ્ચ અધિકારીઓ સાથેની બેઠકમાં મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ સ્પષ્ટ કર્યું હતું કે, જે લોકો નાગરિકતા (સંશોધન) અધિનિયમ એટલે કે CAAના કાયદાકીય દાયરામાં નથી આવતા, તેમને ગેરકાયદે ઘૂસણખોર માનવામાં આવશે. પોલીસ આવા લોકોને પકડીને મ્જીહ્લને સોંપશે. આ માટે રાજ્ય સરકારે જિલ્લાઓમાં હોલ્ડિંગ સેન્ટર બનાવવાની પ્રક્રિયા પણ શરૂ કરી દીધી છે, જેથી શંકાસ્પદ લોકોને ત્યાં થોડો સમય રાખી શકાય. માલદા દેશનો એવો પહેલો જિલ્લો બન્યો છે જ્યાં આવું હોલ્ડિંગ સેન્ટર કાર્યરત થઈ ગયું છે. માલદાના ઈંગ્લિશ બજાર શહેરના ચંદન પાર્કમાં બનેલા આ સેન્ટરમાં હાલમાં ૩ મહિલાઓ અને ૬ સગીર સહિત ૯ શંકાસ્પદ બાંગ્લાદેશી નાગરિકોને રાખવામાં આવ્યા છે. આ સેન્ટર પર ૨૪ કલાક સીસીટીવી (CCTV) કેમેરાથી નજર રાખવામાં આવી રહી છે. તેમજ ૧૨ પોલીસ કર્મચારીઓ, સિવિલ ડિફેન્સ સ્ટાફ અને મદદગારો તહેનાત કરવામાં આવ્યા છે. અહીં શંકાસ્પદ લોકોના દસ્તાવેજોની તપાસ કરીને તેમની નાગરિકતા નક્કી કરવામાં આવે છે. આ નવી વ્યવસ્થા હેઠળ કોઈપણ શંકાસ્પદ વ્યક્તિને ૩૦ દિવસ સુધી કસ્ટડીમાં રાખી શકાશે, જ્યાં તેમની બાયોમેટ્રિક વિગતો લઈને સેન્ટ્રલ ડેટાબેઝમાં અપલોડ કરવામાં આવશે. સરકારના આ કડક પગલાંને નવા 'ઈમિગ્રેશન ઍન્ડ ફોરેનર્સ ઍક્ટ' સાથે જોડવામાં આવી રહ્યું છે, જેણે જૂના કાયદાઓનું સ્થાન લીધું છે. આ નવો કાયદો દેખરેખ અને દેશનિકાલ માટે સંપૂર્ણપણે ટૅક્નોલૉજી આધારિત માળખું પૂરું પાડે છે. આ કાયદા હેઠળ હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરના રેન્કના પોલીસ અધિકારીને પણ શંકાસ્પદ ઘૂસણખોરોને વગર વોરંટે ધરપકડ કરવાની સત્તા આપવામાં આવી છે.સરકારની આ કડક વહીવટી કાર્યવાહીના કારણે પશ્ચિમ બંગાળમાં ઘૂસણખોરી અને નાગરિકતાના મુદ્દે રાજકારણ ફરી ગરમાયું છે. ભાજપના નેતાઓએ આ ઝુંબેશને આવકારી છે, જ્યારે ઉત્તરી માલદાના ભાજપ સાંસદ ખગેન મુર્મૂએ જણાવ્યું કે, દેશ અને રાજ્યની સુરક્ષા માટે આ જરૂરી છે કારણ કે બંગાળ રોહિંગ્યા અને આતંકવાદી તત્ત્વોનો અડ્ડો બની ગયું હતું. બીજી તરફ, સરકારે ખાતરી આપી છે કે CAA કાયદા હેઠળ સુરક્ષિત લઘુમતીઓને આનાથી કોઈ નુકસાન નહીં થાય. નિયમો અનુસાર, બાંગ્લાદેશ, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનથી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ પહેલાં ભારત આવેલા હિન્દુ, શીખ, જૈન, બૌદ્ધ, પારસી અને ઈસાઈ સમુદાયના લોકોને સંપૂર્ણ સુરક્ષા આપવામાં આવી છે.

## કેનેડામાં 'ફોર બ્રધર્સ' ગેંગનો સફાયો: ભારતીય વેપારીઓને લૂંટતી ટોળકીના ૧૭ની ધરપકડ, ૧૦૬ કેસ દાખલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેનેડા અને અમેરિકામાં રહેતા સાઉથ એશિયન (મુખ્યત્વે ભારતીય મૂળના) વેપારીઓ તેમજ સ્થાનિક લોકોને ડરાવતી એક મોટી આંતરરાષ્ટ્રીય ગેંગનો કેનેડાની પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે સોમવારે આ ગુનાહિત નેટવર્ક સાથે જોડાયેલા ૧૭ બદમાશોની ધરપકડ કરવાની જાહેરાત કરી છે. પકડાયેલા આ તમામ આરોપીઓ પર વેપારીઓ પાસે મોટી રકમની ખંડણી માંગવી, આતંક ફેલાવવા અંધાધૂંધ ગોળીબાર કરવો અને દુકાનો-ઘરોમાં આગચંપી કરવા જેવા ગંભીર ગુનાઓનો આરોપ છે. ટોરોન્ટોની પીલ પોલીસે સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે, પકડાયેલા મોટાભાગના આરોપીઓ 'ફોર બ્રધર્સ' નામે ઓળખાતા આંતરરાષ્ટ્રીય ક્રિમિનલ નેટવર્કનો હિસ્સો છે. આ ગેંગ સ્થાનિક ઉદ્યોગપતિઓ અને વેપારીઓને ડરાવી-ધમકાવીને તેમજ હિંસા ફેલાવીને કરોડો રૂપિયાની ખંડણી વસૂલવાનું મોટું રેકેટ ચલાવતી હતી. આ તપાસ બાદ પોલીસે તેમના આખા નેટવર્કને તોડી પાડ્યું છે. પોલીસના જણાવ્યા પ્રમાણે, આ ગેંગે કેનેડાના બ્રામ્પટન, મિસીસાગા, કેલેડોન અને બ્રિટિશ કોલંબિયા તેમજ અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યમાં રહેતા સાઉથ એશિયન સમુદાયના લોકોને જ ખાસ ટાર્ગેટ કર્યા હતા. કેનેડામાં વસતા ભારતીય પ્રવાસીઓ પર વિદેશી શૂટરો દ્વારા હિંસક હુમલા કરવા અને ધમકીઓ આપવાનો આ તાજેતરનો સૌથી મોટો મામલો છે. આ સિવાય, છેલ્લા કેટલાક સમયથી કેનેડામાં ભારતીય મંદિરોમાં તોડફોડની ઘટનાઓ પણ અવારનવાર સામે આવી રહી છે, જેના કારણે ત્યાં રહેતા ભારતીયોમાં ચિંતાનો માહોલ છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ ગુનાહિત નેટવર્ક કુલ ૨૪ હિંસક ઘટનાઓમાં સામેલ હતું, જેમાંથી ૧૪ બનાવો તો સીધા 'ફોર બ્રધર્સ' ગેંગે જ અંજામ આપ્યા હતા. વેપારીઓમાં પોતાનો ખોફ ઊભો કરવા માટે આ ગેંગે અલગ-અલગ જગ્યાએ અંધાધૂંધ ફાયરિંગ કરીને ૩૨૪ જેટલી ગોળીઓ ચલાવી હતી. જ્યારે રેસ્ટોરાં અને ટ્રકિંગ કંપનીઓના માલિકોએ ખંડણી આપવાની ના પાડી, ત્યારે તેમના પર જીવલેણ હુમલા કરવામાં આવ્યા હતા. આ ગેંગનો આતંક એટલો હતો કે ઓન્ટારિયોના કેલેડોનમાં એક ઘર પર ફાયરિંગ અને આગચંપી કર્યાની થોડી જ મિનિટોમાં, તેમણે બ્રામ્પટનમાં આવેલી એક કંપનીને પણ પોતાનો શિકાર બનાવી લીધી હતી.

એક મીડિયા રિપોર્ટ અનુસાર, બ્રામ્પટનના મેયરએ ખુલાસો કર્યો છે કે ધરપકડ કરાયેલા ૧૭ આરોપીઓમાંથી એક પણ વ્યક્તિ કેનેડાનો નાગરિક નથી. કેનેડા સરકાર હાલમાં પોતાની ધરતી પર ચાલતા આવા આંતરરાષ્ટ્રીય ક્રિમિનલ નેટવર્ક પર કડક કાર્યવાહી કરી રહી છે. અગાઉ, ભારતમાં જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈની 'બિશ્નોઈ ગેંગ' અને ચીન તરફથી થતી વિદેશી દખલગીરી સામે પણ કેનેડાએ સકંજો કસ્યો હતો.અહેવાલો અનુસાર, કેનેડામાં ઈન્ડો-કેનેડિયન સમુદાયને નિશાન બનાવતી આ ખંડણીખોર ગેંગ પાછળ વિદેશી સંગઠિત ગુનેગારોનો હાથ છે. આ ગુનેગારો કેનેડાની નકલી લર્નિંગ ઈન્સ્ટિટ્યૂટ (કોલેજો) અને ઈમિગ્રેશન કન્સલ્ટન્ટની દુકાનો દ્વારા આચરવામાં આવતી મોટી છેતરપિંડીનો ફાયદો ઉઠાવે છે. તેઓ ત્યાં ભણવા આવતા અને આર્થિક રીતે નબળા એવા વિદ્યાર્થી પ્રવાસીઓને ફસાવીને, ડરાવી-ધમકાવીને પોતાની ખંડણી વસૂલતી ટોળકીમાં સામેલ કરી દેતા હતા.

### બેનાં મોત: રહેણાંક મકાનો, શાળાઓ અને દુકાનોમાં ઠેર-ઠેર આગ લાગી

## રશિયાનો કીવમાં હાઈપરસોનિક ઓરેશ્નિક મિસાઈલથી હુમલો: અનેક ઈમારતો ધ્વસ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)કીવ

રશિયાએ યુક્રેનની રાજધાની કીવ પર શક્તિશાળી હાઈપરસોનિક ઓરેશ્નિક બેલિસ્ટિક મિસાઈલનો ઉપયોગ કરીને મોટાપાયે ખાનાખરાબી સર્જી છે.. આ હુમલામાં ઓછામાં ઓછા બે લોકોનાં મોત થયા હતા અને ૧૦૦થી વધુ લોકોને ઈજા પહોંચી છે. ચાર વર્ષથી ચાલતા યુદ્ધ દરમિયાન ત્રીજી વખત રશિયાએ આ હથિયારનો ઉપયોગ કર્યો છે.યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લોદોમીર ઝેલેન્સ્કીએ આ માહિતી આપી હતી. આ ભારે હવાઈ હુમલાથી યુક્રેનની રાજધાની કીવમાં અનેક ઈમારતોને નુકસાન થયું છે. જેમાં સરકારી કચેરીઓની આસપાસના વિસ્તાર, રહેણાંક મકાનો, શાળાઓ અને બજારનો સમાવેશ થાય છે. આ હુમલામાં ઓછામાં ઓછા ૮૩ લોકો ઘાયલ થયા હતા.રાતભર હવાઈ હુમલાની ચેતવણી આપતા સાઈરન વાગતા રહ્યા હતા અને હુમલાઓ પછી શહેરમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. શહેરના કેન્દ્ર અને સરકારી ઈમારતોની નજીક જોરદાર વિસ્ફોટોના અવાજો સાંભળ્યા હતા. યુક્રેનની વાયુસેનાના જણાવ્યા અનુસાર, આ રશિયાએ કરેલાં પ્રચંડ હુમલામાં ૬૦૦ ડ્રોન અને હવા, સમુદ્ર તથા જમીન પરથી છોડવામાં આવેલી ૯૦ મિસાઈલોનો સમાવેશ થયો હતો. યુક્રેનિયન હવાઈ સંરક્ષણ દળોએ ૫૪૯ ડ્રોન અને ૫૫ મિસાઈલોને નષ્ટ કરી અથવા નિષ્ક્રિય બનાવી દીધી હતી. વાયુસેનાએ જણાવ્યું કે આશરે ૧૯ મિસાઈલો પોતાના લક્ષ્ય સુધી પહોંચી શકી નહોતી. અલ્બેનિયાના વિદેશ મંત્રી ફેરીટ હોક્સાએ જણાવ્યું હતું કે હુમલા દરમિયાન યુક્રેનમાં અલ્બેનિયાના રાજદૂતના નિવાસસ્થાનને પણ નિશાન બનાવાયું હતું. તેમણે આ ઘટનાને "અસ્વીકાર્ય" અને "ગંભીર ઉશ્કેરણી" ગણાવી હતી.પરમાણુ અથવા પરંપરાગત વોરહેડ વહન કરવાની ક્ષમતા ધરાવતી ઓરેશ્નિક મિસાઈલ કીવ પ્રદેશના બિલા સેરક્વા શહેર પર પડી હતી, એમ ઝેલેન્સ્કીએ ટેલિગ્રામ પર જણાવ્યું હતું. યુક્રેનના શુક્રવારના હુમલાના બદલા રૂપે રશિયાએ પ્રતિહુમલો કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. રશિયાના સંરક્ષણ મંત્રાલયે રવિવારે આ હથિયારના ઉપયોગની પુષ્ટિ કરી હતી. મંત્રાલયે જણાવ્યું કે અન્ય પ્રકારની મિસાઈલો સાથે મળીને યુક્રેનની "સૈન્ય કમાન્ડ અને નિયંત્રણ સુવિધાઓ", એરબેસ અને સૈન્ય ઉદ્યોગોને નિશાન બનાવવામાં આવ્યા હતા.

## દિલ્હી જિમખાના ખાલી કરાવવાના આદેશ પર HCની લાલઆંખ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હી હાઈકોર્ટે લુટિયન્સના દિલ્હીના હૃદયમાં સ્થિત જીમખાના ક્લબ દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરી હતી. સુનાવણી દરમિયાન, કેન્દ્રએ જણાવ્યું હતું કે, સરકાર બદલામાં જમીનનો બીજો ટુકડો ઓફર કરી શકે છે. સરકારે ૨૨ મેના રોજ ક્લબને નોટિસ મોકલી હતી. જેમાં ૫ જૂન સુધીમાં જમીન ખાલી કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. જેને ક્લબે હાઈકોર્ટમાં પડકાર્યો છે. સુનાવણી દરમિયાન, ક્લબ વતી દલીલ કરતા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ જણાવ્યું હતું કે, આ કેસમાં પાંચથી છ મુખ્ય મુદ્દાઓ છે. કોર્ટે જવાબ આપ્યો કે તે પહેલા પડકારવામાં આવેલા સરકારી આદેશની સમીક્ષા કરશે. કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરતા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે, જો ક્લબ ૫ તારીખે સ્વેચ્છાએ ખાલી ન કરે તો પણ, ખાલી કરાવવા માટેની કાનૂની પ્રક્રિયાનું પાલન ન થાય ત્યાં સુધી કબજો લેવામાં આવશે નહીં.એસજી તુષાર મહેતાએ જણાવ્યું હતું કે સંપાદન હેઠળની જોગવાઈઓ આ નિયમમાં સમાયેલી છે.

## ચીન સરકારનો કડક નિર્ણય: AI એન્જિનિયરો દેશની બહાર નહીં જઈ શકે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ચીનની સરકાર હવે AI સેક્ટરમાં કામ કરતા મોટા નિષ્ણાતોની વિદેશ યાત્રાઓ પર વધુ કડક નિયંત્રણ લાવી રહી છે. મળતી માહિતી મુજબ, ચીન સરકારે ખાનગી કંપનીઓમાં કામ કરતા અનેક છેં એક્સપર્ટ્સ માટે નવા પ્રવાસ નિયમો લાગુ કર્યા છે. તેમાં અલીબાબા અને ડીપસીક જેવી મોટી કંપનીઓ સાથે જોડાયેલા લોકો પણ સામેલ છે. માહિતી અનુસાર, ચીનની સરકારી એજન્સીઓ ખાસ કરીને એ લોકો પર નજર રાખી રહી છે, જે અદ્યતન AI ટેક્નોલોજી પર કામ કરે છે. હવે આવા લોકોને વિદેશ જવા પહેલા સરકાર પાસેથી મંજૂરી લેવી પડી શકે છે. આ નિયમોમાં સ્ટાર્ટઅપ ફાઉન્ડર્સ, રિસર્ચર્સ અને મોટી ટેક કંપનીઓના અધિકારીઓનો પણ સમાવેશ થાય છે. ચીન અગાઉથી જ કેટલાક મહત્વના ક્ષેત્રોમાં કામ કરતા લોકો પર પ્રવાસ સંબંધિત નિયંત્રણો લાગુ કરતું આવ્યું છે. યુનિવર્સિટી રિસર્ચર્સ, પરમાણુ વૈજ્ઞાનિકો અને સરકારી કંપનીઓના વરિષ્ઠ અધિકારીઓ પહેલાથી જ આવા નિયમોના દાયરામાં હતા. પરંતુ પ્રથમ વખત ખાનગી AI કંપનીઓમાં કામ કરતા લોકો પર પણ આવી કડકાઈ કરવામાં આવી રહી છે.ચીનમાં સરકારી કંપનીઓના ટોચના અધિકારીઓ અને કમ્યુનિસ્ટ પાર્ટીના નેતાઓના પાસપોર્ટ ઘણીવાર સરકાર પાસે જ રાખવામાં આવે છે. પરંતુ હવે ખાનગી કંપનીઓના કર્મચારીઓ સુધી આ નિયમોનો વ્યાપ વધારવો એક મોટું પગલું માનવામાં આવે છે. સરકાર હવે માત્ર કોઈ વ્યક્તિનું પદ કે કંપની નહીં, પરંતુ તે દેશ માટે ટેક્નોલોજીની દૃષ્ટિએ કેટલો મહત્વનો છે તે પણ ધ્યાનમાં લઈ રહી છે. નિષ્ણાતોના મત મુજબ, ચીન હવે AI એન્જિનિયર્સ અને રિસર્ચર્સને વ્યૂહાત્મક સંપત્તિ તરીકે જોવાનું શરૂ કર્યું છે. ChatGPT આવ્યા પછી ચીનમાં AI સેક્ટર ઝડપથી વિકસ્યું છે અને અનેક મોટા ટેક નિષ્ણાતો સામે આવ્યા છે. જોકે, આ કડક નિયમોની અસર ચીનની AI ઈન્ડસ્ટ્રી પર પણ પડી શકે છે. કંપનીઓ માટે સારા ટેલેન્ટને ભરતી કરવું અને લાંબા સમય સુધી જાળવી રાખવું મુશ્કેલ બની શકે છે. કેટલાક લોકો માને છે કે સરકાર છેં ઉદ્યોગમાં જરૂર કરતાં વધુ દખલ કરી રહી છે. Manus નામની છેં કંપનીનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ કંપનીની શરૂઆત ચીનમાં થઈ હતી, પરંતુ બાદમાં તે Singaporeમાં શિફ્ટ થઈ ગઈ. ત્યારબાદ સીંટ્ઠ સાથે જોડાયેલી અંદાજે ૨ અબજ ડોલરની ડીલને લઈને ચીનમાં વિવાદ વધ્યો હતો. ચીનને એ ચિંતા સતાવવા લાગી કે દેશની ટેક્નોલોજી અને પ્રતિભાશાળી લોકો વિદેશ જઈ રહ્યા છે. આ પછી ચીને સંવેદનશીલ ટેક કંપનીઓમાં અમેરિકી રોકાણ પર પણ વધુ કડક નજર રાખવાનું શરૂ કર્યું.




## દિલ્હી-NCRમાં ફરી એકવાર સીએનજી ભાવમાં પ્રતિ કિલો દીઠ રૂ.૨ નો વધારો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હી-એનસીઆરમાં મુસાફરી કરતા કરોડો લોકો માટે સવાર-સવારમાં જ માઠા સમાચાર સામે આવ્યા છે. ગેસ વિતરણ કંપનીઓ દ્વારા સીએનજી (CNG) ના ભાવમાં પ્રતિ કિલોગ્રામ રૂ. ૨ નો વધારો જાહેર કરવામાં આવ્યો છે. આ નવા ભાવવધારા અમલમાં આવ્યા બાદ હવે દેશની રાજધાની દિલ્હીમાં CNG નો નવો ભાવ રૂ. ૮૩.૦૯ પ્રતિ કિલો થઈ ગયો છે. ઈન્દ્રપ્રસ્થ ગેસ લિમિટેડ (IGL) સહિતની કંપનીઓ દ્વારા ઈનપુટ કોસ્ટ વધવાનું કારણ આપીને આ કિંમતો વધારવામાં આવી છે.વાહનચાલકો માટે સૌથી વધુ ચિંતાની બાબત એ છે કે સીએનજીના ભાવમાં આ કોઈ પ્રથમ વધારો નથી. છેલ્લા માત્ર ૧૨ દિવસની અંદર જ આ ચોથી વખત છે જ્યારે સીએનજી મોંઘો થયો છે. ટૂંકા ગાળામાં સતત થઈ રહેલા આ ભાવવધારાના કારણે પબ્લિક ટ્રાન્સપોર્ટ સેવાઓ જેવી કે ઓટો, સીએનજી બસો, અને પ્રાઈવેટ કેબ્સ (Ola-Uber) ના સંચાલન ખર્ચમાં મોટો ઉછાળો આવ્યો છે. પરિણામે, આગામી દિવસોમાં દિલ્હી-NCR માં લોકલ ટ્રાન્સપોર્ટના ભાડાં પણ વધે તેવી પૂરી આશંકા સેવાઈ રહી છે. આર્થિક નિષ્ણાતોના મતે સીએનજીના ભાવ વધવાની સીધી અસર માત્ર સ્થાનિક વાહનચાલકો પર જ નથી પડતી, પરંતુ તેની સાંકળ માલસામાનના વહન (Logistics) સાથે પણ જોડાયેલી છે. દિલ્હીમાં આસપાસના રાજ્યોમાંથી શાકભાજી, ફળો અને દૂધ જેવી આવશ્યક ચીજવસ્તુઓ લાવતી નાની કોમર્શિયલ ગાડીઓ મોટાભાગે સીએનજી પર ચાલતી હોય છે. વારંવાર કિંમતો વધવાને કારણે ટ્રાન્સપોર્ટરો માલભાડું વધારશે, જે અંતે છૂટક બજારમાં મોંઘવારી વધારવાનું કામ કરશે.




# તંત્રી લેખ......

## ઈરાન સંકટ વચ્ચે દિલ્હીમાં ક્વોડની બેઠક

વૈશ્વિક અનિશ્ચિતતા અને મિડિલ ઈસ્ટમાં વધતા જતા સૈન્ય તણાવ વચ્ચે ભારત, અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને જાપાનના સંગઠન ક્વાડના વિદેશ મંત્રીઓની નવી દિલ્હીમાં હાઈ-લેવલ બેઠક યોજાઈ હતી.

ભારતના વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં ચારેય લોકતાંત્રિક દેશોએ મુક્ત અને સુરક્ષિત ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર માટે એક થઈને કામ કરવાનો સંકલ્પ જાહેર કર્યો છે. ઈરાન સંઘર્ષને કારણે વૈશ્વિક એનર્જી સપ્લાય અને દરિયાઈ વેપાર ખોરવવાની આશંકાઓ વચ્ચે ક્વાડ દેશોએ મેરિટાઈમ સર્વેલન્સ (સમુદ્રી નજર રાખવી), પોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ક્રિટિકલ મિનરલ્સ (મહત્વના ખનિજો)ને લઈને શ્રેણીબદ્ધ નવી પહેલોની જાહેરાત કરી છે.

વૈશ્વિક વેપારનો લગભગ ૬૦ ટકા હિસ્સો ઈન્ડો-પેસિફિક (હિંદ-પ્રશાંત) ક્ષેત્રમાંથી પસાર થાય છે. તેને સુરક્ષિત રાખવા માટે બેઠકમાં મહત્વના નિર્ણયો લેવાયા હતા. જેમાં મેરિટાઈમ સર્વેલન્સ ઈનિશિયેટિવ અંતર્ગત અમેરિકાના વિદેશ મંત્રી (સેક્રેટરી ઓફ સ્ટેટ) માર્કો રુબિયોએ નવી પહેલની જાહેરાત કરી છે, જે અંતર્ગત ચારેય દેશો પોતાની નજર રાખવાની ક્ષમતાઓને એકબીજા સાથે જોડશે અને રીઅલ-ટાઈમ ડેટા શેર કરશે. ફિજીમાં પ્રથમ સંયુક્ત પોર્ટ પ્રોજેક્ટ અંતર્ગત પ્રશાંત મહાસાગરમાં ચીનના વધતા પ્રભાવને કાઉન્ટર કરવા માટે ક્વાડ દેશો સંયુક્ત રીતે ફિજી દેશમાં પોર્ટ (બંદર) ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડ કરશે. ક્વાડનો આ પ્રકારનો આ પ્રથમ સંયુક્ત પ્રોજેક્ટ છે.

ઓસ્ટ્રેલિયાના વિદેશ મંત્રી પેની વોન્ગે જણાવ્યું હતું કે, ઈરાન દ્વારા વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ગણાતા હોર્મુઝ રૂટને બંધ કરવાની ધમકીઓ વચ્ચે ક્વાડ દ્વારા ઈન્ડો-પેસિફિક એનર્જી સિક્યોરિટી ઈનિશિયેટિવ શરૂ કરવામાં આવી છે. આ સિસ્ટમ ટેકનોલોજી, પોલિસી કોઓર્ડિનેશન અને ઈમરજન્સી રિસ્પોન્સ પર કામ કરશે. દરિયાઈ રૂટ પર કોઈ પણ પ્રકારની જોહુકમી કે ટેક્સ વસૂલવાની પ્રવૃત્તિનો ક્વાડ દેશો સખત વિરોધ કરશે.

મોટાભાગની આધુનિક ટેકનોલોજી અને ઈલેક્ટ્રિક વાહનો માટે જરૂરી એવા રેર અર્થ મિનરલ્સ પર ચીનનું એકહથ્થુ શાસન તોડવા માટે ક્વાડ ક્રિટિકલ મિનરલ્સ ફ્રેમવર્ક મંજૂર કરવામાં આવ્યું છે. આ અંતર્ગત ખાણકામ, પ્રોસેસિંગ અને રિસાયક્લિંગમાં સંયુક્ત રોકાણ કરવામાં આવશે. આ સાથે જ ભારત અને અમેરિકા વચ્ચે એક અલગ દ્વિપક્ષીય કરાર પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. ભારતના વિદેશમંત્રી એસ.જયશંકરે કડક સંદેશો આપતા જણાવ્યું કે, જે દેશો આતંકવાદી હુમલાનો સામનો કરી રહ્યા છે, તેમને આત્મરક્ષણ કરવાનો સંપૂર્ણ અધિકાર છે.

ક્વાડ સંગઠન આતંકવાદ સામે ઝીરો ટોલરન્સની નીતિ ધરાવે છે. અમારો ઉદ્દેશ્ય ઈન્ડો-પેસિફિક ક્ષેત્રને વૈશ્વિક વિકાસ અને સ્થિરતાનું એન્જિન બનાવવાનો છે અને તેના માટે વ્યૂહાત્મક વિશ્વાસ અને સમુદ્રી સુરક્ષા વધારવી અનિવાર્ય છે. બીજી તરફ, જાપાનના વિદેશ મંત્રી તોશિમિત્સુ મોતેગીએ કોઈનું નામ લીધા વિના ચીનની વિસ્તારવાદી નીતિ તરફ ઈશારો કરતા કહ્યું કે, બળજબરીથી યથાવત સ્થિતિ બદલવાના કોઈપણ પ્રયાસનો ક્વાડ સખત વિરોધ કરે છે. તેમણે ઉત્તર કોરિયાના સંપૂર્ણ પરમાણુ નિ:શસ્ત્રીકરણની કટિબદ્ધતા પણ દોહરાવી હતી.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: ક્રૂડ તેલના વાયદામાં રૂ.૨૬૯ની વૃદ્ધિ: સોનાનો વાયદો રૂ.૧૨૯૨ અને ચાંદીનો વાયદો રૂ.૫૬૧૮ ઘટ્યો

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૯૧૭૯.૬૬ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૪૮૭૫૩૯.૮૮ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૮૭૪૭.૩૩ કરોડનાં કામકાજ


મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૫૧૬૭૧૯.૫૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૯૧૭૯.૬૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૪૮૭૫૩૯.૮૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૬૨૪.૫૧ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૮૭૪૭.૩૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૮૭૮૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૮૭૮૯ અને નીચામાં રૂ.૧૫૭૭૩૫ના મથાળે અથડાઈ, રૂ.૧૫૯૦૮૧ના આગલા બંધ સામે રૂ.૧૨૯૨ ઘટી રૂ.૧૫૭૭૮૯ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૯૨૨ ઘટી રૂ.૧૨૬૫૨૪ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૫૨ ઘટી રૂ.૧૫૭૮૯ થયો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૯૬ ઘટી રૂ.૧૫૭૩૧૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૮૨૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૮૨૯૯ અને નીચામાં રૂ.૧૫૭૨૪૪ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૮૫૦૬ના આગલા બંધ સામે રૂ.૧૧૦૩ ઘટી રૂ.૧૫૭૪૦૩ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૨૭૪૭૨૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૭૪૭૨૭ અને નીચામાં રૂ.૨૬૯૯૧૩ના મથાળે અથડાઈ, રૂ.૨૭૬૭૧૬ના આગલા બંધ સામે રૂ.૫૬૧૮ ઘટી રૂ.૨૭૧૦૯૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.૫૩૫૬ ઘટી રૂ.૨૭૫૦૫૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.૫૨૯૧ ઘટી રૂ.૨૭૫૦૮૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૪૫૧૪.૭૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.૬.૫૫ ઘટી રૂ.૧૩૪૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત મે વાયદો ૩૦ પૈસા ઘટી રૂ.૩૭૪.૩૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો ૭૫ પૈસા વધી રૂ.૩૮૭.૪ના સ્તરે પહોંચ્યો હતો. સીસું મે વાયદો રૂ.૧.૦૫ વધી રૂ.૨૦૪.૪ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૫૮૩૦.૮૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૯૪૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૦૦૩ અને નીચામાં રૂ.૪૯૩૦ના મથાળે અથડાઈ, રૂ.૫૬ વધી રૂ.૪૯૯૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો બેરલદીઠ રૂ.૮૭૭૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૮૯૮૦ અને નીચામાં રૂ.૮૭૪૯ના મથાળે અથડાઈ, રૂ.૮૬૨૬ના આગલા બંધ સામે રૂ.૨૬૯ વધી રૂ.૮૮૯૫ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.૨૬૮ વધી રૂ.૮૮૯૫ થયો હતો. નેચરલ ગેસ મે વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૨.૫ વધી રૂ.૨૮૦ થયો હતો. નેચરલ ગેસ-મિની મે વાયદો રૂ.૨.૨ વધી રૂ.૨૭૯.૮ થયો હતો.




કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ.૯૫૯ના ભાવે ખૂલી, ૯૦ પૈસા વધી રૂ.૯૫૫.૮ થયો હતો. એલચી મે વાયદો કિલોદીઠ રૂ.૨૭૨૨ના ભાવે ખૂલી, રૂ.૧૨ વધી રૂ.૨૭૩૯ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૦૩૩૯.૮૯ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૮૪૦૭.૪૪ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૩૦૫૭.૩૩ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૭૮૨.૮૫ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૭.૦૩ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૬૩૭.૭૬ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૮.૧૦ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૯૦૯.૩૦ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૯૦૩.૪૬ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૫.૪૫ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૨૪ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૭૭૨ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૫૪૦૬ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૦૦૦૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૨૪૧૮૫ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૪૯૬૭૩ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૦૧૯૨ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૫૭૨૨ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૮૪૨૦૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૯૨૦ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૫૩૮૩ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૩૧૮૬ લોટના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જૂન રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૪.૩ વધી રૂ.૨૭૭.૯ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૪૫ વધી રૂ.૧૪.૫૫ના ભાવે બોલાયો હતો.

સોનું મે રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૧૦ ઘટી રૂ.૧૬૨.૫ થયો હતો. આ સામે ચાંદી મે રૂ.૨૭૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૧૭૪ ઘટી રૂ.૩૩૧ના ભાવે બોલાયો હતો. તાંબું જૂન રૂ.૧૪૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૭૪ ઘટી રૂ.૮.૩ના ભાવે બોલાયો હતો. જસત જૂન રૂ.૩૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૮૩ ઘટી રૂ.૬.૫ના ભાવે બોલાયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જૂન રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૬.૯ વધી રૂ.૨૮૪ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની જૂન રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૪ વધી રૂ.૧૪.૬૫ થયો હતો. સોનું-મિની મે રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૯૧.૫ ઘટી રૂ.૨૯૬ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની મે રૂ.૨૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૫૬૭ ઘટી રૂ.૧૮૫ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જૂન રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૮૫.૩ ઘટી રૂ.૨૪૬.૫ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૭ ઘટી રૂ.૧૪.૨ થયો હતો.

સોનું મે રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૪ વધી રૂ.૧૪૬ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી મે રૂ.૨૬૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૮૦.૫ વધી રૂ.૨૧૭.૫ થયો હતો. તાંબું જૂન રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૩૪ વધી રૂ.૧૦.૪૨ના ભાવે બોલાયો હતો. જસત જૂન રૂ.૩૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૧૭ ઘટી રૂ.૬.૧૬ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જૂન રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૮૫.૩ ઘટી રૂ.૨૫૧ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની જૂન રૂ.૨૯૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૮ ઘટી રૂ.૧૬.૮ના ભાવે બોલાયો હતો. સોનું-મિની મે રૂ.૧૫૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૧૯.૫ વધી રૂ.૯૪૩.૫ થયો હતો. ચાંદી-મિની મે રૂ.૨૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૦.૫ વધી રૂ.૨૨૧ના ભાવે બોલાયો હતો.

## રાજ્યસભામાં તૃણમૂલ સાંસદો પર ભાજપની નજર: ટીએમસીના ૧૨ સાંસદો ભાજપમાં જોડાય તેવી સંભાવના

(સંપૂર્ણ સમાચાર સેવા)પશ્ચિમ બંગાળ

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં કારમી હાર બાદ, તૃણમૂલ કોંગ્રેસમાં આંતરિક વિખવાદ વધુ ઘેરો બન્યો છે. રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે, લોકસભામાં તૃણમૂલના કેટલાક સાંસદો ભાજપ સાથે સીધા સંપર્કમાં છે, અને તેમાંથી એક મહત્વપૂર્ણ ૧૨ સાંસદોનુ જૂથ ટૂંક સમયમાં તૃણમૂલ કોંગ્રેસ પાર્ટી છોડી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, લોકસભામાં તૃણમૂલના કુલ ૨૯ સાંસદોમાંથી, લગભગ ૧૨ સાંસદોએ ભાજપમાં જોડાવા અથવા તેમને ટેકો આપવા માટે યોજનાઓ બનાવી લીધી છે. વધુમાં, અન્ય પાંચ કે છ સાંસદો સાથે ચર્ચા ચાલી રહી હોવાના રાજકીય વર્તુળોમાં અહેવાલ ચર્ચાઈ રહ્યો છે. ટીએમસીના આ સાંસદોને પક્ષપલટો કરીને ભાજપમાં જોડાય તો પક્ષપલટા વિરોધી કાયદાનો સામનો કરવો પડે તેવી સ્થિતિ છે. આથી એક એવા અહેવાલ સામે આવ્યા છે કે, પક્ષપલટા વિરોધી કાયદાની જોગવાઈઓને ટાળવા માટે ઓછામાં ઓછા ટીએમસીના ૧૯ થી ૨૦ સાંસદોને એકસાથે લાવવાની રણનીતિ ઘડાઈ રહી છે. આથી જ જે ૧૨ સાંસદો ભાજપમાં જોડાઈ જવા ઉત્સુક છે તેઓ જ બીજા સાંસદોને ટીએમસી છોડીને ભાજપમાં જોડાઈ જવા સમજાવી રહ્યાં છે. જો એક તબક્કે પક્ષપલટો કરનારા સાંસદોની સંખ્યા ઓછી હશે તો તેઓ હાલમાં નહીં, પરતુ લોકસભાની ચૂંટણી ટાણે ટીએમસીમાંથી રાજીનામુ આપીને ભાજપમાં જોડાઈ જશે.રાજકીય વર્તુળોમાં ચાલી રહેલી વાત અનુસાર, આ જૂથમાં પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમો મમતા બેનર્જીના નજીકના વિશ્વાસુ ગણાતા ઘણા સાંસદોનો સમાવેશ થાય છે. એક અહેવાલ એવા પણ છે કે, મમતા બેનર્જીના ભત્રીજા અને પક્ષના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનર્જી પણ પક્ષપલટો કરવાના મૂડમાં છે. જો કે, આ વાતને હજુ સુધી સમર્થન મળ્યું નથી. જો આમ શક્ય થશે તો, આ પોલીટીકલી ડેવલપમેન્ટને ભાજપ માટે રાજકીય રીતે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. હાલમાં, ભાજપ લોકસભામાં ૨૪૦ બેઠકો ધરાવે છે, અને સરકાર તેના ગઠબંધન ભાગીદારોના સમર્થનથી કાર્યરત છે. પરિણામે, જો મોટી સંખ્યામાં તૃણમૂલ સાંસદો ભાજપ સાથે જોડાણ કરે છે, તો પક્ષની સંસદીય શક્તિ નોંધપાત્ર રીતે વધશે, જેનાથી તેના સાથી પક્ષો પર તેની નિર્ભરતા ઓછી થશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, લોકસભા પર ધ્યાન કેન્દ્રિત કર્યા પછી, ભાજપે હવે રાજ્યસભામાં તૃણમૂલ સાંસદો પર પણ નજર રાખી છે.

## જૂનાગઢ શહેરને મળશે મોટી રાહત: રેલવે બોર્ડ દ્વારા ગ્રોફેડ ખાતે નવા મીટર ગેજ સ્ટેશનને મંજૂરી; સમપાર ફાટકો પરના દૈનિક ટ્રાફિક જામમાંથી મળશે મુક્તિ

જૂનાગઢ શહેરના નાગરિકોને લાંબા સમયથી ચાલી આવતી ટ્રાફિક સમસ્યામાંથી મોટી રાહત મળવાની છે. રેલવે બોર્ડ દ્વારા પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ હેઠળના વિસાવદર–જૂનાગઢ મીટર ગેજ સેક્શનમાં ગ્રોફેડ વિસ્તારમાં નવા મીટર ગેજ સ્ટેશનના નિર્માણને મંજૂરી આપવામાં આવી છે.

શહેરની વચ્ચેથી પસાર થતી મીટર ગેજ લાઈન કાયમી રીતે બંધ થશે

આ પ્રોજેક્ટની સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે ગ્રોફેડ સ્ટેશન શરૂ થયા બાદ ગ્રોફેડ અને હાલના જૂનાગઢ સ્ટેશન વચ્ચેનો આશરે ૪.૨ કિમી લાંબો મીટર ગેજ રેલખંડ કાયમી રીતે બંધ કરી દેવામાં આવશે. હાલમાં આ રેલખંડ શહેરના ઘનવસ્તીવાળા વિસ્તારમાંથી પસાર થાય છે અને તેના કારણે ૭ સમપાર ફાટકો લાંબા સમય સુધી બંધ રહેતા હોવાથી સમગ્ર શહેરમાં ગંભીર ટ્રાફિક જામ સર્જાય છે. નવી વ્યવસ્થા અમલમાં આવ્યા બાદ શહેરની અંદરના તમામ ૭ સમપાર ફાટકો દૂર થઈ જશે, જેના કારણે જૂનાગઢ શહેરને લાંબા સમયથી ચાલી રહેલી ટ્રાફિક સમસ્યામાંથી કાયમી રાહત મળશે.

નાગરિકોને થતા મુખ્ય લાભો

ટ્રાફિક જામમાંથી રાહત

મીટર ગેજ લાઈન બંધ થતાં શહેરની અંદરના તમામ ૭ સમપાર ફાટકો દૂર થઈ જશે. તેના કારણે નાગરિકો, શાળાના વિદ્યાર્થીઓ, ઓફિસ જતાં કર્મચારીઓ તેમજ તાત્કાલિક સેવા વાહનોને વારંવાર થતા ટ્રાફિક જામમાંથી રાહત મળશે.

ઘનવસ્તીવાળા વિસ્તારમાં આવેલા ૭ સમપાર ફાટકો દૂર થતાં માર્ગ અને રેલવે અકસ્માતોની શક્યતાઓમાં નોંધપાત્ર ઘટાડો થશે.

સમપાર ફાટકોના સંચાલન અને જાળવણીમાં લાગેલા રેલવે કર્મચારીઓને અન્ય કામગીરીમાં વધુ અસરકારક રીતે ઉપયોગમાં લઈ શકાયશે. જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા નવા ગ્રોફેડ સ્ટેશન અને હાલના જૂનાગઢ સ્ટેશન વચ્ચે ઈ-બસ સેવા શરૂ કરવાનો પ્રસ્તાવ આપવામાં આવ્યો છે, જેથી મીટર ગેજ મુસાફરોને બ્રોડ ગેજ ટ્રેનો અને શહેરના અન્ય વિસ્તારો સાથે સરળ જોડાણ મળી રહેશે.

હાલના જૂનાગઢ સ્ટેશન પર મીટર ગેજ કામગીરી બંધ થયા બાદ ઉપલબ્ધ થતી જમીનનો ઉપયોગ બ્રોડ ગેજ યાર્ડ અને અન્ય કામગીરી સંબંધિત સુવિધાઓના વિસ્તરણ માટે કરવામાં આવશે.

રેલવેની આ પહેલ કામગીરીની જરૂરિયાત અને નાગરિક સુવિધા — બંને વચ્ચે સંતુલન સ્થાપિત કરતું મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે. આથી માત્ર શહેરની ટ્રાફિક વ્યવસ્થામાં સુધારો નહીં થાય, પરંતુ જૂનાગઢના શહેરી વિકાસને પણ નવી દિશા મળશે.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com


## કોકરોચ જનતા પાર્ટીને કોંગ્રેસ નેતાની 'ગઠબંધન'ની ઓફર

### જો 'કોકરોચ પાર્ટી' તથા રાહુલ ગાંધી સાથે મળી જાય, તો તેઓ વર્તમાન ભાજપ સરકારને સત્તા પરથી હટાવી શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સોશિયલ મીડિયા પર અત્યારે 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) ખૂબ જ ટ્રેન્ડ થઈ રહી છે અને લોકોમાં તેની જોરદાર ચર્ચા છે. આ લોકપ્રિયતા જોઈને હવે દેશની સૌથી જૂની રાજકીય પાર્ટી કોંગ્રેસ પણ આ ઓનલાઈન મૂવમેન્ટ સાથે હાથ મિલાવવા ઉત્સુક હોય તેવું લાગી રહ્યું છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા ઉદિત રાજે સીજેપી (CJP)ના સ્થાપક અભિજીત દીપકેને એક ખાસ સલાહ આપતા કહ્યું છે કે, આ સોશિયલ મીડિયા આંદોલનને જો લાંબા સમય સુધી સફળ બનાવવું હોય તો કોઈ મજબૂત રાજકીય પક્ષનો સાથ ખૂબ જરૂરી છે.

રાહુલ ગાંધી જ આ આંદોલનને સાચું નેતૃત્વ આપી શકે છે અને જો 'કોકરોચ પાર્ટી' તથા રાહુલ ગાંધી સાથે મળી જાય, તો તેઓ વર્તમાન ભાજપ સરકારને સત્તા પરથી હટાવી શકે છે.

ભાજપની ટિકિટ પર દિલ્હીથી લોકસભા સાંસદ રહી ચૂકેલા અને હાલ કોંગ્રેસના નેતા ઉદિત રાજે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર લખ્યું કે, 'સોશિયલ મીડિયા પરથી શરૂ થયેલી કોકરોચ જનતા પાર્ટી (CJP), જેનું નેતૃત્વ અભિજીત દીપકે કરી રહ્યા છે, તે વર્તમાન સરકાર સામે જનતાની નારાજગી અને ગુસ્સાનું પ્રતીક બનીને ઉભરી છે.' જોકે, તેમણે ટકોર પણ કરી કે આવા આંદોલનો લાંબા સમય સુધી ત્યારે જ ટકી શકે, જ્યારે તેઓ કોઈ મજબૂત રાજકીય અને સામાજિક શક્તિઓ સાથે જોડાય જે ભાજપ સરકારનો એક વિશ્વસનીય વિકલ્પ બની શકે.

ઉદિત રાજે આ સોશિયલ મીડિયા આંદોલનના જોશને વેડફાતો અટકાવવા માટે તેની કમાન રાહુલ ગાંધીને સોંપવાની સલાહ આપી છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, 'લોકોના આ ગુસ્સા અને દેશની આ ઊર્જાને બંધારણ બચાવવાના એક મોટા આંદોલનમાં બદલવાની તાકાત માત્ર રાહુલ ગાંધીના નેતૃત્વમાં જ છે. આ સાથે જ તેમણે કોકરોચ પાર્ટીના સ્થાપક દીપકેને યાદ અપાવ્યું કે, તેઓ પોતે એક આંબેડકરવાદી વિચારધારા ધરાવે છે, તેથી તેમણે એ સમજવું જ પડશે કે ભાજપ અને આરએસએસ (RSS)ને રાજકીય તથા લોકતાંત્રિક રીતે હરાવવાની સાચી ક્ષમતા માત્ર કોંગ્રેસ અને રાહુલ ગાંધી પાસે જ છે.'

કોંગ્રેસ પહેલાં મમતા બેનરજીની પાર્ટી તૃણમૂલ કોંગ્રેસે (TMC) આ 'કોકરોચ જનતા પાર્ટી'ને પોતાનો પૂરો સાથ આપી દીધો છે. ટીએમસીના રાજ્યસભા સાંસદ ડેરેક ઓ'બ્રાયને સોશિયલ મીડિયા પર આ અંગેની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, તેમની પાર્ટીના પ્રમુખ મમતા બેનરજી અને રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનરજી આ ઓનલાઈન ઝુંબેશને સંપૂર્ણ સમર્થન આપે છે. આમ, કોંગ્રેસ અગાઉથી જ ટીએમસી આ સોશિયલ મીડિયા મોહિમની પડખે આવીને ઊભી રહી ગઈ છે.

અમેરિકાના બોસ્ટનમાં રહેતા અભિજીત દીપકે દ્વારા સ્થાપિત 'કોકરોચ જનતા પાર્ટી' ગત ૧૬ મેના રોજ શરૂ થતાની સાથે જ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ ગઈ હતી. વાસ્તવમાં, સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ સૂર્યકાંતની એક ટિપ્પણી બાદ આ વિવાદ શરૂ થયો હતો, જેમાં તેમણે દેશના બેરોજગાર યુવાનોની સરખામણી કથિત રીતે 'કોકરોચ' સાથે કરી હોવાનો આક્ષેપ થયો હતો.

આના વિરોધમાં આ ઓનલાઈન પેજ શરૂ કરાયું હતું. જોકે, હાલમાં કોકરોચ પાર્ટીના તમામ સોશિયલ મીડિયા હેન્ડલ્સ અને વેબસાઈટ બંધ કરી દેવામાં આવ્યા છે, પરંતુ રાજકારણમાં તેની એન્ટ્રી અને ભવિષ્યને લઈને હજુ પણ ઘણા સવાલો ઊભા છે.


નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક



PRGI NO. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# બનાસકાંઠા દિયોદર તાલુકા પંચાયતની ચુંટણી રદ થતા ભારે હોબાળો: ચુંટણી અધિકારી વિરૂધ્ધ લાગ્યા ગંભીર આક્ષેપ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની ચુંટણી પ્રક્રિયા અચાનક રદ કરવામાં આવતા સરહદી પંથકના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. ચુંટણી રદ થવાના સમાચારો વાયુવેગે ફેલાતા જ કોંગ્રેસ છાવણીમાં તીવ્ર રોષ ફાટી નિકળ્યો હતો. વાવ-થરાદ વિસ્તારના સાંસદ ગેનીબેન ઠાકોર મોટી સંખ્યામાં કોગ્રેસના કાર્યકરો અને સમર્થકો સાથે



દિયોદર તાલુકા પંચાયત કચેરી ખાતે જ જમીન પર બેસીને ધરણા પર ઉતરી ગયા છે. જેને પગલે વહિવટી તંત્રમાં ભારે દોડધામ મચી જવા પામી છે. સાંસદ ગેનીબેન ઠાકોરે મીડીયા સમક્ષ ચુંટણી અધિકારીની ભુમિકા અને વહિવટી તંત્ર વિરૂધ્ધ ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે ચુંટણી અધિકારી પૂર્વ આયોજીત કાવતરાના ભાગરૂપે નિયત સમય કરતાં ૧ કલાક જેટલા મોડા આવ્યા હતા. ત્યારબાદ કચેરીની અંદર સભ્યો વચ્ચે સામાન્ય બોલાચાલી થઈ હતી. જેને જ મોટુ બહાનુ બનાવીને સત્તાવાર પ્રક્રિયા પુરી કર્યા વિના જ ચુંટણી અધિકારીએ તાત્કાલીક ધોરણે પ્રમુખ / ઉપપ્રમુખની આખી ચુંટણી રદ કરવાની જાહેરાત કરી દીધી હતી. કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરે ચુંટણી અધિકારી પર સત્તાધારી પક્ષ ભાજપ સાથે મીલીભગત હોવાના સનસનીખેજ આરોપ લગાવ્યા હતા. તેમણે આકરા શબ્દોમાં પ્રહાર કરતા જણાવ્યુ હતુ કે ચુંટણી અધિકારી જાણે ભાજપના ગુલામ હોય તેમ વર્તી રહ્યા હતા અને તેઓ લોકશાહીનુ મર્ડર કરવા માટે જ મેદાનમાં આવ્યા હોય તેવુ લાગી રહ્યુ હતું. ગેનીબેને ચીમકી ઉચ્ચારતા વધુમાં કહ્યુ હતુ કે જયાં સુધી તેઓ અધિકારી પાસેથી આખી ચુંટણી પ્રક્રિયાનુ અધિકૃત પ્રોસીડીંગ (લેખિત અહેવાલ) મેળવી નહી લે ત્યાં સુધી તેઓ કચેરી છોડશે નહી અને તેમનો વિરોધ પ્રદર્શન ચાલુ જ રહેશે.

# હિંમતનગર ખાતે જિલ્લા ભાજપ સંગઠનની આગામી કાર્યક્રમો અંતર્ગત કાર્યશાળા યોજાઈ

## જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ, સંગઠન પ્રભારી બ્રિજરાજસિંહ ઝાલા સહિત અગ્રણીઓ વર્ચ્યુઅલ બેઠકમાં જોડાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારના ૧૨ વરસ પૂર્ણ થવા જઈ રહ્યા છે. છેલ્લા ૧૨ વરસમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશભરમાં જનકલ્યાણ, વિકાસ તથા દેશની સુરક્ષા સહિતના ક્ષેત્રોમાં દેશમાં ઐતિહાસિક અને અભૂતપૂર્વ કામગીરી થઈ છે. ત્યારે ભાજપા ના અવિરત ૧૨ વરસ વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણના અભિયાન અંતર્ગત આગામી કાર્યક્રમોની પૂર્વ તૈયારી સંદર્ભે આજે મંગળવારે ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની અધ્યક્ષતામાં વર્ચ્યુઅલ બેઠક યોજાઈ હતી.





જેમાં પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ પેટ્રોલ ડીઝલના વ્યવહારૂ ઉપયોગ સાથે વિવિધ કાર્યક્રમોના સુચારૂ આયોજન માટે વિગતવાર માર્ગદર્શન આપ્યુ હતું. આ વર્ચ્યુઅલ બેઠકમાં અભિયાનના કેન્દ્રીય સમન્વયક અને લોકસભાના સાંસદ ડોકટર સંજય જયસ્વાલજી તેમજ પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજીએ વિવિધ સંગઠનાત્મક મુદ્દે વિગતવાર છણાવટ કરી કાર્યકરોને માર્ગદર્શિત કર્યા હતા. પ્રદેશના ઉપાધ્યક્ષ અને અભિયાનના પ્રદેશ ઈન્ચાર્જ ભરત પંડયાએ પણ આ પ્રસંગે પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું. પ્રદેશ મહામંત્રી પ્રશાંત કોરાટે બેઠકનુ સંચાલન તેમજ રાજય સરકારના પૂર્વ મંત્રી અને અભિયાનના પ્રદેશ સહઈન્ચાર્જ બ્રિજેશ મેરજાએ આભારવિધી સંપન્ન કરી હતી. આ બેઠકમાં પ્રદેશ મહામંત્રીઓ અજય બ્રહ્મભટ્ટ અને શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ વર્ચ્યુઅલ બેઠકમાં રાજયના તમામ જિલ્લા અને મહાનગર ખાતે જિલ્લા અને મહાનગરમાં રહેતા પ્રદેશના પદાધિકારીઓ તેમજ જિલ્લા અને મહાનગરના પ્રમુખો, પ્રભારીઓ તેમજ સાંસદો , ધારાસભ્યો, સંગઠનના પદાધિકારીઓ, મોરચાના પ્રમુખો, મહામંત્રીઓ, વોર્ડ પ્રમુખો, મહાનગર મીડીયા અને સોશીયલ મીડીયાના ઈન્ચાર્જ તથા અભિયાનની ટીમ સહિતના અપેક્ષિત શ્રેણીના કાર્યકરોએ બેઠકમાં ઉપસ્થિત રહી માર્ગદર્શન મેળવ્યુ હતું. હિંમતનગરમાં યોજાયેલી બેઠકમાં જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ, સંગઠન પ્રભારી બ્રિજરાજસિંહ ઝાલા, પ્રદેશ મંત્રી પ્રદિપસિંહ રાઠોડ, ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, સહિત સમગ્ર જિલ્લામાંથી હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# ઈબોલા વાયરસ ને લઈ ગુજરાત સરકાર એલર્ટ: હોસ્પિટલોમાં આઈસોલેશન વોર્ડ તૈયાર: એરપોર્ટ પર સ્ક્રીનિગ શરૂ

પ્રતિનિધિ,ગાંધીનગર

કોંગો, યુગાન્ડા અને સાઉથ સુદાન જેવા દેશોમાં ઈબોલા વાયરસના કેસો બહાર આવતા ગુજરાત સરકારનુ આરોગ્યતંત્ર એલર્ટ મોડ પર આવી ગયુ છે. રાજયના આરોગ્ય વિભાગ દ્વારા કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા અને એસઓપી મુજબ તમામ જરૂરી તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

જો કે હાલ ગુજરાત કે સમગ્ર ભારતમાં ઈબોલાનો એકપણ કેસ નોંધાયો નથી. તેથી નાગરીકોએ ગભરાવવાની જરૂર નથી. આ માહિતી આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરીયા દ્વારા આપવામાં આવી છે. ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે આરોગ્ય રાજયમંત્રીની અધ્યક્ષતામાં ઉચ્ચ અધિકારીઓ સાથે મહત્વપૂર્ણ સમિક્ષા બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન રાજયમાં ઈબોલા સામેની સજ્જતા, આગોતરા આયોજન અને તકેદારીના પગલા અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

મંત્રીએ વધુમાં જણાવ્યુ હતુ કે રાજય સરકાર અને આરોગ્ય વિભાગ કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.

આરોગ્ય વિભાગ દ્વારા ખાસ કરીને કોંગો, યુગાન્ડા અને સાઉથ સુદાનમાંથી આવતા મુસાફરો પર ખાસ નજર રાખવામાં આવી રહી છે. અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સાંજે ૬ વાગ્યા થી સવારે ૧૦ વાગ્યા સુધી આ દેશોમાંથી આવતા તમામ મુસાફરોનુ સઘન સ્કીનિંગ કરવામાં આવી રહ્યુ છે. સરકારે સ્પષ્ટતા કરી છે કે રાજય સરકાર અને આરોગ્ય વિભાગ કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. આરોગ્ય વિભાગ દ્વારા ખાસ કરીને કોંગો, યુગાન્ડા અને સાઉથ સુદાનમાંથી આવતા મુસાફરો પર ખાસ નજર રાખવામાં આવી રહી છે. અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સાંજે ૬ વાગ્યા થી સવારે ૧૦ વાગ્યા સુધી આ દેશોમાંથી આવતા તમામ મુસાફરોનુ સઘન સ્કીનિંગ કરવામાં આવી રહ્યુ છે. સરકારે સ્પષ્ટતા કરી છે કે આ સ્કીનિંગ માત્ર અસરગ્રસ્ત દેશોમાંથી આવતા મુસાફરો માટે જ છે અને અન્ય દેશોના મુસાફરો માટે ચિંતા કરવાની કોઈ જરૂર નથી. ઈમરજન્સી પરિસ્થિતિ પહોંચી વળવા માટે રાજય સરકારે ખાસ વ્યવસ્થાઓ પણ ઉભી કરી છે.




અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં ૩૨ બેડ અને સુરત સીવીલ હોસ્પિટલમાં ૧૦ બેડની અલગ સુવિધા તૈયાર રાખવામાં આવી છે. આ ઉપરાંત અમદાવાદની એસવીપી હોસ્પિટલમાં શંકાસ્પદ મુસાફરો માટે ૬૦ બેડનો અલગ આઈસોલેશન વોર્ડ કાર્યરત કરવામાં આવ્યો છે. જો કોઈ મુસાફર શંકાસ્પદ જણાશે તો કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબ તાત્કાલીક સારવાર શરૂ કરી શકાય તેવી તમામ વ્યવસ્થા તૈયાર રાખવામાં આવી છે. આરોગ્યમંત્રીએ નાગરીકોને આશ્વાસન આપતા જણાવ્યુ હતુ કે હાલ ગુજરાત કે ભારતમાં ઈબોલાનો એકપણ કેસ નોંધાયો નથી. તેથી લોકોમાં ભય કે અફવા ફેલાવવાની જરૂર નથી, માત્ર અસરગ્રસ્ત દેશોમાંથી આવતા મુસાફરોએ જરૂરી તકેદારી રાખવાની છે. સમગ્ર રાજયનુ આરોગ્યતંત્ર નાગરીકોની સુરક્ષા માટે સંપૂર્ણ સજ્જ અને પ્રતિબધ્ધ હોવાનુ પણ તેમણે જણાવ્યુ હતું.

# સાબરકાંઠા જિલ્લાની ૮ તાલુકા પંચાયતોમાં પ્રમુખ- ઉપપ્રમુખની વરણી: પોશીના તાલુકા પંચાયતમાં આમ આદમી પાર્ટીના પદાધિકારીઓ સત્તારૂઢ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાની ૮ તાલુકા પંચાયતોમાં ગઈ કાલે ચુંટણી અધિકારીના અધ્યક્ષસ્થાને સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં ભારે ઉત્સાહ વચ્ચે પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી અને ત્યારબાદ સત્તાવાર રીતે નામોની જાહેરાત કરાઈ હતી. તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ બાદ આ વરણીમાં ભાજપે ૭ તાલુકા




પંચાયતોમાં પ્રમુખ-ઉપપ્રમુખના પદ મેળવી ભગવો લહેરાવ્યો છે. જયારે પોશીના તાલુકા પંચાયતમાં આમ આદમી પાર્ટીના પદાધિકારીઓ સત્તારૂઢ થયા છે. પરીણામો જાહેર થતા જ નવનિયુકત પ્રમુખ અને ઉપપ્રમુખને સંગઠનના સભ્યો અને ટેકેદારોએ મોં મીઠુ કરાવી ફુલહાર પહેરાવીને વિજયોત્સવ મનાવ્યો હતો. હિંમતનગર તાલુકા પંચાયત પ્રમુખ પદે નરેશ પરમાર અને ઉપપ્રમુખ તરીકે ઉષાબેન પટેલ અને ઈડર તાલુકા પંચાયત પ્રમુખ દિવ્યાબેન ચૌધરી, ઉપપ્રમુખ અમરતજી ઠાકોર તેમજ વડાલી તાલુકા પંચાયત પ્રમુખ ભરત પટેલ, ઉપપ્રમુખ શિતલબા કુંપાવત અને ખેડબ્રહ્મા તાલુકા પંચાયત પ્રમુખ ગીતાબેન પારગી, ઉપપ્રમુખ મિલાબેન ખોખરીયા તેમજ તલોદ તાલુકા પંચાયત પ્રમુખ કપીલાબેન પટેલ, ઉપપ્રમુખ પ્રધાનસિંહ રાઠોડ અને પ્રાંતિજ તાલુકા પંચાયત પ્રમુખ અંકીતાબેન પટેલ, ઉપપ્રમુખ મનુસિંહ રાઠોડ અને વિજયનગર તાલુકા પંચાયત પ્રમુખ શૈલેષભાઈ બેચરભાઈ બારા, ઉપપ્રમુખ શૈલેષભાઈ ચંદુભાઈ તેમજ પોશીના તાલુકા પંચાયત પ્રમુખ જનકભાઈ કાળુભાઈ ડાભી, ઉપપ્રમુખ જાગૃતિબેન પરમારની વરણી કરવામાં આવી હતી.

# ગોડાઉનમાં ચાલતી હતી ડ્રગ્સની ફેકટરી, બે શખ્સની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)વાપી

ગુજરાતમાં ડ્રગ્સના દૂષણને નાબૂદ કરવા માટે સુરક્ષા એજન્સીઓ સતત એક્શન મોડમાં છે. આ દરમિયાન વાપીના કુંતા ગામે આવેલા એક ગોડાઉનમાં ગુજરાત એટીએસ અને વલસાડ એસઓજીની ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ડ્રગ્સના એક મસમોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે.

પોલીસે આ દરોડા દરમિયાન ગોડાઉનમાંથી આંતરરાષ્ટ્રીય બજારમાં આશરે ૭૧.૩૧ લાખ રૂપિયાની કિંમતનું ૨.૩૩૭ કિલોગ્રામ મેફેડ્રોન (એમડી ડ્રગ્સ)નો જથ્થો પકડી પાડ્યો છે. આ સાથે જ ડ્રગ્સનું નેટવર્ક ચલાવતા બે સગા નરાધમોની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય એક સૂત્રધાર ફરાર થઈ જતાં તેને વોન્ટેડ જાહેર કરાયો છે.મળતી માહિતી અનુસાર, આ દરોડા દરમિયાન ગોડાઉનમાંથી ૨.૩૩૭ કિલો એમડી ડ્રગ્સની સાથે સાથે ૬૫૮ ગ્રામ અન્ય એક શંકાસ્પદ માદક પદાર્થનો જથ્થો પણ મળી આવ્યો છે. આ પદાર્થ કયો કેમિકલ કે ડ્રગ્સ છે તેની ચોક્કસ પુષ્ટિ કરવા માટે એફએસએલ (હ્રજી-)ની મદદ લેવામાં આવી રહી છે. આ ઉપરાંત ડ્રગ્સની પડીકીઓ પેક કરવા માટે વપરાતું મિક્સર મશીન, ડિજિટલ વજનકાંટો, પ્લાસ્ટિકની કોથળીઓ સહિતનો અન્ય તમામ મુદ્દામાલ પોલીસે ઘટનાસ્થળેથી જપ્ત કર્યો છે.પોલીસે કરોડો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી અબ્દુલ કલામ અબ્દુલરબ ખાન (ઉં.વ. ૩૬, રહે. ખારીવાડ, નાની દમણ), મેહુલકુમાર નલીનકુમાર મકવાણા (ઉં.વ. ૪૫, રહે. રાજ રેસીડેન્સી-૧, બલીઠા, વાપી)ની ધરપકડ કરી છે. જ્યારે રાજેશ મુરારી મોર્યા (રહે. ગોકુલધામ રો-હાઉસ, સરીગામ, ઉમરગામ) ફરાર છે.પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપીઓ આ ગોડાઉનનો ઉપયોગ વેરહાઉસ તરીકે કરતા હતા. તેઓ અહીં ડ્રગ્સના મોટા જથ્થામાંથી નાની-નાની પડીકીઓ (ડ્રગ્સના પેકેટ્સ) બનાવતા હતા અને ત્યારબાદ આસપાસના જુદા જુદા વિસ્તારોમાં છૂટક વેચાણ કરીને યુવાધનને નશાના રવાડે ચડાવતા હતા.ઉલ્લેખનીય છે કે, વાપીના ચલા વિસ્તારમાં આવેલા એક બંગલામાંથી અગાઉ પણ એમડી ડ્રગ્સનો જથ્થો પકડાયો હતો, જ્યારે દમણના બામણપૂજા ગામે આવેલા ફાર્મ હાઉસમાંથી આખેઆખું ડ્રગ્સ બનાવવાનું કારખાનું ઝડપાઈ ચૂક્યું છે. વાપી અને દમણના બોર્ડર વિસ્તારો ડ્રગ્સ માફિયાઓ માટે હબ બની રહ્યા હોય તેમ લાગી રહ્યું છે, ત્યારે એટીએસ અને એસઓજીની આ સંયુક્ત કાર્યવાહીથી ડ્રગ્સના સપ્લાયરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# અમદાવાદ મંડળ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ હેઠળ વ્યાપક જનજાગૃતિ અને સ્વચ્છતા અભિયાન આયોજિત

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ હેઠળ વિવિધ રેલવે સ્ટેશનો પર સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ અને પ્લાસ્ટિક ઉપયોગમાં ઘટાડો કરવા માટે વ્યાપક જનજગૃતિ અભિયાન અને વિશેષ કાર્યક્રમ સંચાલિત કરવામાં આવી રહ્યા છે.



પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે જનભાગીદારી વધારવાના ઉદ્દેશથી મંડળ દ્વારા ૧૫.૦૫.૨૦૨૬ થી ૦૫.૦૬.૨૦૨૬ સુધી વિવિધ કાર્યક્રમ આયોજિત કરવામાં આવી રહ્યા છે. આ દરમિયાન રેલવે કર્મચારીઓ, યાત્રીઓ, કોન્ટ્રાક્ટ કર્મચારીઓ તથા સ્ટૉલ સંચાલકોને સ્વચ્છતા અને સતત વિકાસ પ્રત્યે જાગૃત કરવામાં આવી રહ્યા છે.

મંડળના તમામ મુખ્ય સ્ટેશનો પર ૧૫.૦૫.૨૦૨૬ થી ૧૯.૦૫.૨૦૨૬ સુધી "સ્વચ્છતા શપથ" કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યા, જેમાં રેલવે કર્મચારીઓ અને યાત્રીઓએ સ્વચ્છતા જાળવી રાખવાના તથા પર્યાવરણ સંરક્ષણના સંકલ્પ લીધા. યાત્રીઓને પ્લાસ્ટિકનો લઘુત્તમ ઉપયોગ કરવા અને યાત્રા દરમિયાન પોતાની પાણીની બોટલનો ઉપયોગ કરવા તથા પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે જાગૃત કરવામાં આવ્યા.

રેલવે સ્ટેશનો પર સાર્વજનિક ઉદઘોષણા સિસ્ટમથી સતત ઘોષણાઓ પ્રસારિત કરીને યાત્રીઓને સ્વચ્છતા જાળવી રાખવા, પ્લાસ્ટિકનો ઉપયોગ ઓછો કરવા, પોતાની પાણીની બોટલનો ઉપયોગ કરવા તથા પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે જાગૃત કરવામાં આવ્યા. રેલવે અધિકારીઓ દ્વારા સ્ટૉલ સંચાલકો અને વિતરકોને બિન-પ્લાસ્ટિક અને પર્યાવરણ અનુકૂળ કટલરી અપનાવવા માટે સલાહ આપવામાં આવી.

તારીખ ૧૯.૦૫.૨૦૨૬ થી ૨૨.૦૫.૨૦૨૬ સુધી સ્વચ્છતા અને કચરો વ્યવસ્થાપન અભિયાન હેઠળ રેલવે સ્ટેશનો અને આસપાસના વિસ્તારોમાં વિશેષ સફાઈ અભિયાન ચલાવવામાં આવ્યા. પ્લેટફોર્મો પર કચરા પૃથક્કરણ વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે વિશેષ અભિયાન સંચાલિત કરવામાં આવ્યા તથા યાત્રીઓને કચરાના યોગ્ય નિકાલ પ્રત્યે જાગૃત કરવામાં આવ્યા. આ અભિયાનોમાં સ્થાનિક સમુદાયો અને બિન-સરકારી સંગઠનો (NGOs) ની પણ ભાગીદારી રહી. રેલવે કર્મચારીઓને વિશેષ રૂપે પ્લાસ્ટિક ઉપયોગમાં ઘટાડા અને જૈવિક કચરા વ્યવસ્થાપન પર સંવેદનશીલ બનાવવામાં આવ્યા.

આ ઉપરાંત, તારીખ ૨૩.૦૫.૨૦૨૬ થી ૨૬.૦૫.૨૦૨૬ સુધી "પ્લાસ્ટિક ઘટાડા અને ટકાઉ પ્રથાઓ" વિષય પર વિશેષ અભિયાન ચલાવવામાં આવ્યા. રેલવે સ્ટેશનો પર સ્થાપિત પ્લાસ્ટિક બોટલ ક્રશિંગ મશીનોની જાળવણી અને કામ કરવાની પદ્ધતિની સમીક્ષા કરવામાં આવી. સાથે જ, સ્ટેશનો પર વિક્રેતા સ્ટૉલોનું નિરીક્ષણ કરીને સિંગલ યૂઝ પ્લાસ્ટિક પ્રતિબંધના પ્રભાવી પાલનની દેખરેખ રાખવામાં આવી.

રેલવે સ્ટેશનો પર ઉપલબ્ધ વૉટર કૂલર સુવિધાઓનું નિરીક્ષણ કરી યાત્રીઓને પોતાની બોટલો ફરી ભરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા, જેનાથી એકલ ઉપયોગ પ્લાસ્ટિક બોટલોનો ઉપયોગ ઓછો થઈ શકે. સાર્વજનિક ઉદઘોષણા સિસ્ટમથી યાત્રીઓથી પ્લાસ્ટિક બોટલો અને અન્ય પ્લાસ્ટિક વસ્તુઓના મર્યાદિત ઉપયોગ માટે સહયોગની અપીલ કરવામાં આવી તથા આ સંબંધમાં યાત્રીઓથી ફિડબેક પણ મેળવવામાં આવ્યું.

કેટરીંગ અને ટ્રેન સેવા આપનારાઓને વર્જિન પ્લાસ્ટિક ઉત્પાદનોને બદલે રિસાઈકલ્ડ અને પર્યાવરણ અનુકૂલ વિકલ્પ અપનાવવા માટે પ્રેરિત કરવામાં આવ્યા. બિન-સરકારી સંગઠનો અને અન્ય સંસ્થાઓના સહયોગથી સંવાદાત્મક કાર્યક્રમ આયોજિત કરીને પ્લાસ્ટિક પ્રદૂષણ અને તેની આડઅસરો પ્રત્યે જાગૃતિ ફેલાવવાની પહેલ પણ કરવામાં આવી.

આ ઉપરાંત, વિક્રેતાઓ અને કર્મચારીઓને દૂધ અને અન્ય ડેરી ઉત્પાદનોની પેકેજિંગ થેલીઓને આંશિક રૂપે કાપવા અંગે શેરી નાટકો દ્વારા જાગૃત કરવામાં આવ્યા, જેથી માઈક્રોપ્લાસ્ટિક પ્રદૂષણને ઓછું કરી શકાય. પર્યાવરણ મહિના હેઠળ સ્વચ્છતા અભિયાન સતત ચાલુ છે.

અમદાવાદ મંડળ પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છતા અને સતત વિકાસ પ્રત્યે પૂર્ણપણે પ્રતિબદ્ધ છે તથા તમામ યાત્રીઓ અને હિતધારકોથી સ્વચ્છ અને હરિયાળા વાતાવરણ નિર્માણમાં સક્રિય સહભાગીતાની અપીલ કરે છે.

# ફેમિલી ડોકટર નહીં, પરંતુ ફેમિલી ફાર્મર ભવિષ્યની જરૂરિયાત - રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

## રાજ્યપાલશ્રીએ અંકલેશ્વર તાલુકાના કાંસિયા ગામના પ્રગતિશીલ ખેડૂત શ્રી મહેશભાઈ પટેલના પ્રાકૃતિક ફાર્મની મુલાકાત લીધી: જાતે ગાય દોહી અને ખેતરમાં શાકભાજી વિણ્યું

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અંકલેશ્વર તાલુકાના કાંસિયા ગામના પ્રગતિશીલ ખેડૂત શ્રી મહેશભાઈ પટેલના પ્રાકૃતિક ફાર્મની મુલાકાત લીધી હતી, અહીં તેમણે જાતે ગાય દોહી અને ખેતરમાં શાકભાજી વિણ્યું હતું. ફાર્મની મુલાકાત વેળાએ રાજ્યપાલશ્રીએ ખેતરમાં વિવિધ પાકોનું નિરીક્ષણ કર્યું હતું તથા ઉપસ્થિત ખેડૂતો સાથે વાર્તાલાપ કર્યો હતો.



રાજ્યપાલશ્રીએ ખેડૂતોને સલાહ આપતા જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી ઈશ્વરીય કાર્ય છે. આપણી પ્રજા ખૂબ આધ્યાત્મિક છે, મંદિરમાં જે શ્રદ્ધાભાવથી જઈએ છીએ તે જ ભાવથી પ્રાકૃતિક ખેતી કરીને કેટલાય પરિવારોને બચાવી શકાશે. પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતો લોકોને તંદુરસ્ત જીવન આપવાનું કામ કરી રહ્યા છે. આપણા દેશમાં કેન્સર અને અન્ય બીજી અનેક બીમારીઓ દિવસેને દિવસે વધી રહી છે. ત્યારે ફેમિલી ડોકટર નહીં પણ ફેમિલી ફાર્મર ભવિષ્યની જરૂરિયાત છે. લોકો પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના ઉત્પાદનને તેમના ઘર સુધી શોધવા આવશે.

રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે રાસાયણિક ખેતી કરતા ખેડૂતોને ઓછામાં ઓછું ખેતરના એક ભાગથી પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરવા અનુરોધ કર્યો હતો. રાજ્યપાલશ્રીએ ઉપસ્થિત ખેડૂતોને જીવામૃત સહિતના બાયો ઈનપુટ્સ બનાવવાની વિધિ તથા તેના ઉપયોગ અંગે માર્ગદર્શન આપ્યું.

તેમણે ઉમેર્યું હતું કે, દર વર્ષે આપણે કરોડો રૂપિયા રાસાયણિક ખાતરરૂપી ઝેર ખરીદવામાં વિદેશોમાં આપીએ છીએ. પ્રાકૃતિક ખેતી કરવાથી આપણા દેશનો પૈસા બહાર જતા અટકશે. તેમણે ઉમેર્યું કે, આજના સમયમાં જ્યારે જતુંનાશક દવા અને રાસાયણિક ખાતરથી ધરતીની હાલત બગડી છે, ઉત્પાદન ઘટ્યું છે અને તેને આરોગવાથી રોગ વધ્યા છે ત્યારે પ્રાકૃતિક ખેતી ન માત્ર ધરતી પરંતુ મનુષ્યોના સ્વાસ્થ્ય માટે પણ ફાયદાકારક છે. ગંભીર બીમારી લાવતી રાસાયણિક ખેતીને ત્યજીને પ્રાકૃતિક ખેતી તરફ વળવા રાજ્યપાલશ્રીએ અનુરોધ કર્યો હતો. આ સાથે જ ભરૂચમાં પ્રાકૃતિક ખેતી અભિયાનને વેગવંતુ બનાવવા માટે કરવામાં આવતા પ્રયાસોને બિરદાવ્યા હતા. આ તકે, પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતોએ ડ્રીપમાં અવરોધ વિના જીવામૃત નાખવાની પદ્ધતિ રાજ્યપાલશ્રીને બતાવી હતી. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોએ પોતાના પ્રતિભાવ અને અનુભવ જણાવ્યા હતા. પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂત મહેશભાઈએ નિમાસ્ત્ર અને બ્રહ્માસ્ત્ર, અગ્નિઅસ્ત્ર બનાવવાની રીત અને તેના ફાયદા વિશે ડેમોસ્ટ્રેશન બતાવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને ઈન્ચાર્જ જિલ્લા કલેકટર શ્રી યોગેશ કાપસે, પોલીસ અધિક્ષક શ્રી, પ્રાંત અધિકારીશ્રી, ખેતીવાડી વિભાગના અધિકારીશ્રીઓ, વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ, પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતો, સરપંચશ્રી, પંચાયતના સભ્યો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

# સુરતમાં મોંઘવારીનો ડામ: દાળના ભાવમાં વધારો થતાં મધ્યમવર્ગ પિસાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેરમાં પેટ્રોલ-ડીઝલ, શાકભાજી અને દૈનિક વપરાશની ચીજવસ્તુઓના અસહ્ય ભાવવધારાથી ત્રસ્ત સામાન્ય નાગરિકો પર મોંઘવારીનો વધુ એક પ્રહાર થયો છે. છેલ્લા કેટલાક દિવસોથી સ્થાનિક કરિયાણા બજારમાં તુવેર, મગ, ચણા અને અડદ સહિતની તમામ દાળના ભાવમાં ભડકો થતાં મધ્યમવર્ગીય પરિવારોના રસોડાનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે.સ્થાનિક વેપારીઓના જણાવ્યા અનુસાર, સુરતમાં મોટા પ્રમાણમાં દાળનો જથ્થો મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનથી આવે છે. પરંતુ ડીઝલના ભાવ વધવાને કારણે ટ્રાન્સપોર્ટ ખર્ચ અને ટ્રક ભાડામાં હજારો રૂપિયાનો વધારો થયો છે. સાથોસાથ બહારના રાજ્યોમાંથી આવક ઘટતાં અને જથ્થાબંધ બજારમાં તેજી આવવાને કારણે રિટેલ માર્કેટમાં આ આકરી સ્થિતિ સર્જાઈ છે. હાલ બજારમાં તુવેર દાળનો ભાવ પ્રતિ કિલો ૧૮૦થી ૧૯૦ સુધી પહોંચી ગયો છે, જ્યારે અન્ય દાળમાં પણ ૧૦થી ૧૫નો વધારો ઝીંકાયો છે. આગામી દિવસોમાં જો સપ્લાય સામાન્ય નહીં થાય તો ભાવ હજુ પણ વધવાની આશંકા સેવાઈ રહી છે.

# સુરત મહાનગરપાલિકાના સફાઈ કામદારોનો અધિકારીઓના અંગત નિવાસસ્થાને થતા ગેરકાયદેસર ઉપયોગ સામે કર્મચારી મહામંડળનો ઉગ્ર વિરોધ

(છગનલાલ મેવાડા દ્વારા) સુરત

સુરત મહાનગરપાલિકાના સફાઈ કામદારોને અધિકારીઓ, નિવૃત્ત અધિકારીઓ અને તેમના સગા-સંબંધીઓના ઘરે અંગત કામ માટે ઉપયોગ કરવામાં આવતો હોવાની ચોંકાવનારી વિગતો સામે આવતા સુરત મહાનગરપાલિકા કર્મચારી મહામંડળ દ્વારા આ ગેરકાયદેસર પ્રથા સામે મોરચો માંડવામાં આવ્યો છે.

કર્મચારી મહામંડળના હોદ્દેદારોએ આક્ષેપ કર્યો છે કે, પાલિકાના કેટલાક ઉચ્ચ અધિકારીઓ પોતાના અંગત નિવાસસ્થાને સફાઈ, રસોઈ અને ઘરવખરીના કામો માટે પાલિકાના સફાઈ કામદારોને ફરજ પર મૂકે છે.

આ પ્રકારની પ્રવૃત્તિને કારણે પાલિકાની મુખ્ય ફરજોમાં સફાઈ કામદારોની અછત વર્તાય છે અને બાકીના કર્મચારીઓ પર કામનું અતિશય ભારણ વધી રહ્યું છે.

મહામંડળ દ્વારા કરવામાં આવેલા મુખ્ય આક્ષેપો:

અધિકારીઓની ખુશામત: કેટલાક સેનેટરી ઈન્સ્પેક્ટરો (SI) ઉપર દબાણ કરીને જે તે અધિકારીઓને ખુશ રાખવા માટે સફાઈ કામદારો પાસે શાકભાજી, દૂધ અને અન્ય જરૂરી વસ્તુઓ પહોંચાડવાનું કામ કરાવે છે.

વહીવટી દુરુપયોગ: લાખો રૂપિયાનો પગાર મેળવતા અધિકારીઓ સરકારી કર્મચારીઓને અંગત નોકર તરીકે વાપરે તે અત્યંત અનૈતિક અને સરકારી નિયમોની વિરુદ્ધ છે.

નિવૃત્ત અધિકારીઓનો લાભ: પાલિકાના નિવૃત્ત અધિકારીઓ અને તેમના પરિવારજનો પણ આ પ્રકારની ગેરકાયદેસર સેવાનો લાભ લઈ રહ્યા છે, જે જનતાના ટેક્સના પૈસાનો સીધો દુરુપયોગ છે.

આ ગંભીર બાબતે સુરત મહાનગરપાલિકા કર્મચારી મહામંડળના પ્રમુખ ભાઈલાલ બી. વૈષ્ણવ, ઉપ-પ્રમુખ કિરીટસિંહ જે. વાઘેલા, મહામંત્રી મોહમ્મદ ઈકબાલ શેખ, મંત્રી હરીશભાઈ રાઠોડ તથા સિનિયર આગેવાન વિજયભાઈ શેનમારે અને જયંતીભાઈ વાઘેલા દ્વારા સુરત મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. નાગરાજનજીને લેખિતમાં કડક રજૂઆત કરવામાં આવી છે.

મહામંડળે માંગ કરી છે કે, આ પ્રથાને તાત્કાલિક બંધ કરવામાં આવે અને જે અધિકારીઓ કે એસ.આઈ. આ પ્રકારનું કૃત્ય કરાવી રહ્યા છે, તેમની સામે સઘન તપાસ કરી કડક વહીવટી પગલાં લેવામાં આવે. આગામી સમયમાં જો આ પ્રથા બંધ કરવામાં નહીં આવે તો કર્મચારી મહામંડળ દ્વારા આંદોલનાત્મક કાર્યક્રમો આપવામાં આવશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# પ્રજાના પરસેવાના ટેક્ષના પૈસે પેન્શન મેળવતા મંત્રીઓના પેન્શન બંધ કરવા જરૂરી?

(છગનલાલ મેવાડા દ્વારા) સુરત

દેશમાં આસમાને પહોંચેલી મોંઘવારી, બેરોજગારી, ધંધામાં મંદી, શિક્ષણનું ખાનગીકરણ, કોર્પોરેટ કંપની જેવી મોંઘીદાટ ખાનગી હોસ્પિટલો, સરકારી હોસ્પિટલો અને સરકારી સ્કૂલો રામભરોસે જેવા હાલના સમયમાં પ્રજા (એટલેકે મતદારો) પાસેથી મીઠાથી લઈને મીઠાઈ સુધીની દરેક વસ્તુમાં ટેક્ષ વસૂલતી આ સરકારમાં બેઠેલા કોર્પોરેટરોથી લઈને વાયા મુખ્યમંત્રીથી વડાપ્રધાન સુધીની દરેક વ્યક્તિ પ્રજાની સેવાની વાત કરતી હોય છે. ત્યારે સિક્કાની બીજી બાજુ જોવા જઈએ તો આ મંત્રીઓ અને નેતાઓનો મુખ્ય આશય સત્તાના સિંહાસને બેસીને સત્તાનો સ્વાદ ચાખવાનો હોય છે. કારણ એમને પ્રજાને પૈસે ધાગડધિન્ના કરવા જેવી બધી જ જરૂરી સગવડો જેવી કે બંગલા, ઓફિસો, ગાડી, લાઈટ, ટેલીફોન, નોકર-ચાકર, પેટ્રોલ, રેલ સહિત હવાઈ મુસાફરી પરિવાર સાથે તદન મફતમાં મળતી હોવાથી એ સત્તાને છોડતા નથી. પ્રજાની સેવાનું તો એક બહાનું છે. સાચા અર્થમાં પ્રજા એમને ખભે બેસાડતી હોવાથી આ સિલસિલો ચાલી રહ્યો છે.

હવે મૂળ વાત કરીએ નેતાઓને મળતા પેન્શનની આ પેન્શનો બંધ કરવા જોઈએ એ કારણ ચૂંટણી લડી લડીને પૈસાદાર બની સત્તા ભોગવતા આ આધુનિક અંગ્રેજો પાછા આવી, મવાલીઓ નથી હોતા એમની કરોડોની પ્રોપર્ટીઓ, કરોડોના બંગલા, લાખોની મોંઘીદાટ ગાડીઓ વિગેરે હોવા છતાં પાછા રિટાયર્ડ થતાં (આમ તો બે ટર્મ પછી હારીને કે ચૂંટણી જીતીને કરોડો બનાવ્યા પછી સ્વૈચ્છીક રીતે રાજકારણને રામરામ કરતાં) એમને ઊંચા પેન્શનો મળતા હોવાથી મોંઘવારીમાં પ્રજાને પડતો માર એમ પ્રજાના ટેક્ષમાંથી પાછા પેન્શન પણ લેવાના આમ સત્તા ઉપર બેઠા પછી અને સત્તા છોડ્યા પછી એમના સુખ સુવિધા જેવા પેન્શનો તો ચાલુ જ હોય છે. એ બધી સુવિધાઓ બંધ કરવી જોઈએ.

અહીં વાત છે આ સત્તાધારીઓને મળતા પેન્શન બંધ કરવા અને પેન્શન સરકારી બજેટનો એક મોટો હિસ્સો છે. જો નેતાઓના પેન્શન બંધ કરવામાં આવે તો દર વર્ષે કરોડો રૂપિયાની બચત થઈ શકે. એને આ બચેલી રકમ સરકાર બીજી જગ્યાએ રોકાણ કરીને પ્રજા હિતના કાર્યો કરી શકે છે. જેવી કે સરકારી હોસ્પિટલોમાં સુવિધાઓ, સરકારી સ્કૂલો બનાવવી, સારા રોડ રસ્તા, પુલો બનાવી પ્રજા કલ્યાણના કામો કરવા વિગેરે વિગેરેમાં પેન્શનના બચેલા નાણાંનો ઉપયોગ કરી શકાય છે. અને છેલ્લે સત્તામાં બેઠેલા તમામ પક્ષોના નેતાઓ સત્તાધારી હોય કે વિપક્ષ હોય એ તમામે તમામ સરકારી પેન્શનના મળતા લાભને છોડવા તૈયાર નથી. કારણ બધા જ નેતાઓ પ્રજાની સેવાની માત્ર વાતો જ કરતાં જ હોય છે. જ્યારે દેશહિતમાં કંઈક છોડવાની વાત આવે છે ત્યારે એ બધાના મોં સિવાઈ જાય છે. એટલે કે કપડાંમાં બધા જ નાગા છે એવો ઘાટ છે.

ભૂતકાળના નેતાઓ હોય કે નવા સેવા કરવા થનગનતા યુવાનો હોય એમને દાખલો બેસાડવા વર્તમાન નેતાઓમાંથી કોઈ એક છે માઈનો લાલ કે હું દેશના હિતમાં આજીવન પેન્શન લીધા વગર પ્રજાની હરહંમેશ ખડેપગે સેવા કરતો રહીશ એવું કહેનાર અને પ્રજાના પૈસાનો વિચાર કરીને સરકારી સવલતોથી દૂર રહીશ એવું જાહેરમાં ઉચ્ચારણ કરનાર પછી એ કોઈપણ પાર્ટીનો કેમ ના હોય? લોકોની સેવાના નામે સુખ સાહેબી ભોગવી કરોડોમાં રમતા થઈ જાય છે. જે આનાથી બંધ થતાં પ્રજાનો પૈસો પ્રજાના હિત માટે વપરાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, જો ૩૫-૩૮ વર્ષ સુધી સરકારી નોકરી કરનારાઓનું પેન્શન ૧,એપ્રિલ ૨૦૦૪ પછી બંધ કરી પાછલી જિંદગીની આવક નો સ્ત્રોત એવો આધાર છીનવી લઈને નોંધારા બનાવી દેવામાં આવતા હોય ત્યારે પાંચ વર્ષ ચૂંટણીમાં જીત્યા પછી રિટાયર્ડ થઈને પેન્શન મેળવતા નેતાઓના પણ પેન્શન બંધ કરાવવા જોઈએ.

આ બાબતે વિકાસ ગ્રાહક સુરક્ષા અને સંશોધન કેન્દ્રના દક્ષિણ ગુજરાતના પ્રમુખ છગનલાલ દોલતરામ મેવાડા દ્વારા જનહિતમાં નેતાઓના પેન્શન બંધ કરાવવા મહામહિમ રાષ્ટ્રપતિજીને લેખિત પત્ર સુપ્રત કરવા સાથે સુપ્રીમ કોર્ટમાં પણ PIL દાખલ કરીને પેન્શન બંધ કરાવવા લડત આપી પ્રજાના પૈસાનો થતો દુરુપયોગ બંધ કરાવશે.

# ડીજીપી કે એલ એન રાવે ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ દ્વારા કચ્છ કોર્ટમાં જુબાની આપી સમય-ઈંધણની બચતનો નવો રાહ ચીંધ્યો



પ્રતિનિધિ,ગાંધીનગર

ન્યાય તંત્ર અને પોલીસ વિભાગના સંયુકત પ્રયાસોથી સામાન્ય નાગરીકો, સાક્ષીઓ તેમજ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓનો કિંમતી સમય બચાવવા તથા ઈંધણની મોટી બચત કરવાના આશયથી કોર્ટમાં જુબાની આપવા માટે વિડીયો કોન્ફરન્સ કેન્દ્રની અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. આ સુવિધા અંતર્ગત આજે મંગળવારે રાજયના પોલીસવડા ડો.કે એલ એન રાવે પોતે આ આધુનિક ટેકનોલોજીનો લાભ લઈ સમાજ અને પોલીસ વિભાગ સમક્ષ એક ઉત્કૃષ્ટ અને પ્રેરણારૂપ ઉદાહરણ પુરૂ પાડયુ છે. રાજયના પોલીસવડા કે એલ એન રાવ વર્ષ ૨૦૨૧ ના એક એસીબીના કેસમાં પ્રોસિકયુશન મંજુરી આપવા અનુસંધાને આજે મંગળવારે મહત્વની જુબાની આપવા માટે ગાંધીનગર ડિસ્ટ્રિકટ કોર્ટના વિડીયો કોન્ફરન્સ કેન્દ્ર ખાતે રૂબરૂ ઉપસ્થિત રહ્યા હતા. આ કેસની સુનાવણી કચ્છ-ગાંધીધામ ની કોર્ટમાં ચાલી રહી હોય, ડીજીપી એ ગાંધીનગર થી જ ઓનલાઈન માધ્યમ દ્વારા કચ્છની કોર્ટમાં હાજર થઈને પોતાની જુબાની નોંધાવી હતી. ગાંધીનગર થી કચ્છ સુધી લાંબી મુસાફરી કરવાને બદલે ટેકનોલોજીના માધ્યમથી ગણતરીના સમયમાં જ આ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. આ સુવિધાના કારણે દુર દુર ની કોર્ટોમાં ધકકા ખાવામાંથી મુકિત મળતા કલાકોનો સમય બચે છે અને સરકારી તેમજ વ્યકિતગત ઈંધણની મોટી બચત થાય છે. સાક્ષીઓ કે અધિકારીઓની ભૌગોલીક હાજરીના અભાવે કેસમાં તારીખો પડતી નથી, જેથી ન્યાયીક પ્રક્રિયા ઝડપી બને છે. પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ મુસાફરીના બદલે કાયદો અને વ્યવસ્થાની પોતાની મુળભુત ફરજો પર વધુ ધ્યાન કેન્દ્રીત કરી શકે છે. વિવિધ જેલોમાં બંધ કેદીઓને કોર્ટમાં રજુ કરવા માટે લાવવા-લઈ જવાની ઝંઝટમુકત બને છે. જેનાથી પોલીસ જાપ્તાનો ખર્ચ ઘટે છે અને સુરક્ષા જોખમો નિવારી શકાય છે. રાજયના પોલીસવડાએ પોતે આ સુવિધાનો ઉપયોગ કરીને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે ટેકનોલોજીનો સ્વીકાર એ આજના સમયની માંગ છે. સમય, શકિત અને રાષ્ટ્રીય સંપત્તિ સમાન ઈંધણની બચત કરતી આ ઉત્તમ ડીઝીટલ સુવિધાનો રાજયના તમામ પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ અને નાગરીકો મહત્તમ ઉપયોગ કરે તેવો અનુરોધ ડો.કે એલ એન રાવ દ્વારા કરવામાં આવ્યો છે.

# ભાજપના ધારાસભ્યના ઘોડાની લગામ બુટલેગરના હાથમાં: કોર્ટમાં રજુ થયા સાંઠગાંઠના પુરાવા



પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરા જિલ્લાના રાજકારણમાં ડભોઈના ભાજપના ધારાસભ્ય અને એક લીસ્ટેડ બુટલેગર વચ્ચેની સાંઠ ગાંઠના પુરાવા કોર્ટમાં રજુ થતા ભારે ચકચાર મચી જવા પામી છે.

ડભોઈ નગરપાલિકાની ચુંટણી દરમિયાન ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે મારામારી થઈ હતી. જેના બીજા દિવસે સાઠોદ ગામમાં ધારાસભ્ય શૈલેષ સોટ્ટાએ પોલીસ કાફલા સાથે શકિત પ્રદર્શન કર્યુ હતું. આ રેલી દરમિયાન ધારાસભ્ય જયારે ઘોડા પર સવાર હતા ત્યારે તેમના ઘોડાની લગામ પકડીને ચાલતો શખ્સ બીજો કોઈ નહી પણ કોંગ્રેસના કોર્પોરેટર આશિષ જોશી વિરૂધ્ધ દારૂનો કેસ કરનાર બુટલેગર પ્રમોદ પાંડે હોવાનુ બહાર આવ્યુ છે. આ ફોટો કોર્ટમાં રજુ કરાતા બંને વચ્ચેનુ નેકસસ ખુલ્લુ પડી ગયુ છે. વડોદરા કોર્પોરેશનની ચુંટણીમાં વોર્ડ નં. ૧૫ ના કોંગ્રેસના કોર્પોરેટર આશિષ જોશી વિરૂધ્ધ સંખેડા પોલીસ મથકમાં એક બુટલેગરના નિવેદનના આધારે દારૂ મંગાવવાનો કેસ દાખલ કરાયો હતો. આ કેસમાં આશિષ જોશીના બચાવમાં તેમના વકીલ હિતેશ ગુપ્તાએ કોર્ટ સમક્ષ કેટલાક ફોટા રજુ કર્યા હતા. આ ફોટામાં ડભોઈના ધારાસભ્ય શૈલેષ સોટ્ટા શાહી અંદાજમાં ઘોડા પર બેઠેલા જોવા મળ્યા હતા. જેની લગામ બુટલેગર પ્રમોદ પાંડેના હાથમાં હતી, કોંગ્રેસના નેતાને ખોટા કેસમાં ફસાવવા માટે જ આ આખુ ગણીત રચાયુ હોવાના આક્ષેપો સાથે આ પુરાવા કોર્ટ સમક્ષ મુકવામાં આવ્યા છે. આ વિવાદમાં પોલીસ અને બુટલેગરોની જુગલબંધી પણ ચર્ચાનો વિષય બની હતી. સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા ડભોઈમાં જે દારૂનો કેસ કરાયો હતો, તેનો મુખ્ય આરોપીઓ તરીકે બુટલેગર વિરાજ જયસ્વાલ અને ધવલ જયસ્વાલ સામેલ છે. નોંધનીય છે કે ઉત્તર પ્રદેશનો મુળ વતની આ આરોપી પ્રમોદ પાંડે લાંબા સમયથી ડભોઈમાં જ રહેતો હોવા છતાં ડભોઈ પોલીસ સ્ટેશનના ચોપડે તેની કોઈ સત્તાવાર નોધ રાખવામાં આવી ન હતી, પોલીસનો દાવો છે કે બુટલેગર પ્રદિપ પાંડે અને કોંગ્રેસ નેતા આશિષ જોશી વચ્ચે માત્ર ૧૬ સેકન્ડ સુધી વાતચીત થઈ હતી. જો કે કવાંટ વિસ્તારમાંથી દારૂ મંગાવવાના આ સમગ્ર મામલામાં અનેક કાયદાકીય શંકાઓ સેવાઈ રહી છે. આ ગુન્હામાં સંખેડા ગામ કયાંય વચ્ચે આવતુ જ નથી, તો બીજી તરફ બચાવ પક્ષનો દાવો છે કે સંખેડા પોલીસે આ કેસમાં કુદી પડીને પ્રદિપ પાંડેની ધરપકડ બતાવીને આશિષ જોશીનુ નામ સંડોવ્યુ હતું.

# અમદાવાદના નવા મેયરે સરકારી બંગલો અને લકઝરી કારનો કર્યો ત્યાગ



પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ મહાનગર પાલિકાના નવનિયુકત મેયર હિતેશ બારોટે પદભાર સંભાળતાની સાથે જ એક એવો નિર્ણય જાહેર કર્યો છે જે હાલમાં સમગ્ર ગુજરાતમાં ચર્ચાનો વિષય બન્યો છે. સામાન્ય રીતે મોટા રાજકીય પદ પર પહોચતા નેતાઓ સરકારી બંગલો, લકઝરી કાર અને અન્ય વીઆઈપી સુવિધાઓનો લાભ લેતા હોય છે.

પરંતુ હિતેશ બારોટે આ પરંપરાથી સંપૂર્ણપણે અલગ માર્ગ અપનાવ્યો છે. મેયર તરીકેની જવાબદારી સંભાળ્યા બાદ હિતેશ બારોટે જાહેર કર્યુ હતુ કે તેઓ મેયર માટે ફાળવાયેલા સત્તાવાર બંગલામાં રહેવા જશે નહી, તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે પોતાની પાસે પહેલેથી જ રહેવાની પુરતી ખાનગી વ્યવસ્થા ઉપલબ્ધ હોવાથી સરકારી નિવાસનો ઉપયોગ કરવાની જરૂર નથી. સાથે જ તેમણે સરકારી લકઝરી કારનો પણ ઈન્કાર કર્યો છે. હિતેશ બારોટે સ્પષ્ટ કહ્યુ હતુ કે તેઓ શહેરમાં આવવા-જવા તેમજ સરકારી કાર્યક્રમોમાં હાજરી આપવા માટે પોતાના અંગત ઈલેકટ્રીક વાહનનો જ ઉપયોગ કરશે, તેમના આ નિર્ણય પાછળનો મુખ્ય હેતુ જનતાના ટેક્ષના પૈસાની બચત કરવાનો હોવાનુ તેમણે જણાવ્યુ હતું. મે આજદીન સુધી કયારેય વધારાની સરકારી સવલતો લીધી નથી અને હવે પણ સામાન્ય જીવનશૈલી જ જાળવી રાખીશ તેવુ તેમણે જણાવ્યુ હતું. નવા મેયરના આ નિર્ણયને સોશીયલ મીડીયા પર પણ મોટી સંખ્યામાં લોકો વખાણી રહ્યા છે. ઘણા લોકો આ પગલાને સાદગી અને જવાબદારીનુ ઉત્તમ ઉદાહરણ ગણાવી રહ્યા છે. કેટલાક લોકોએ તો અન્ય જનપ્રતિનિધિઓએ પણ આવુ અનુસરવુ જોઈએ તેવી માંગ કરી છે. હિતેશ બારોટના આ નિર્ણયે રાજકીય વર્તુળોમાં પણ ચર્ચા જગાવી છે. કેટલાક રાજકીય વિશ્લેષકો માને છે કે આ પગલુ સામાન્ય જનતા સાથે સીધો જોડાણ મજબુત બનાવશે. હાલ તો અમદાવાદના નવા મેયરનો આ સાદગીભર્યો નિર્ણય સમગ્ર ગુજરાતમાં ચર્ચાનુ કેન્દ્ર બન્યો છે.

# રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખના પુત્રની દાદાગીરી : પ્રતિસ્પર્ધીના ટેકેદારને ધમકી આપતી ઓડીયો કિલપ વાયરલ થઈ છે



પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ પદે સંજય પીપળીયાની વરણી થયાને હજુ માંડ ૨૪ કલાક પણ પૂર્ણ નથી થયા, ત્યાં જ તેમના પુત્ર હર્ષીલ પીપળીયાએ સત્તાના નશામાં ચુર થઈ દાદાગીરી પર ઉતરી આવ્યો હોવાનો સનસનાટી ભર્યો મામલો બહાર આવ્યો છે. પિતા પ્રમુખ બનતા જ પુત્રમાં હોદ્દાની એવી હવા ભરાઈ ગઈ છે કે તેણે પોતાના પિતાના રાજકીય પ્રતિસ્પર્ધીના ટેકેદારને ફોન કરીને બેફામ અપશબ્દો બોલી પંચાયતે દેખાયો તો ઉપાડી લઈશ તેવી ધમકી આપી હોવાની એક કથિત ઓડીયો કિલપ સોશીયલ મીડીયા પર જોરદાર વાયરલ થઈ રહી છે. રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખની વરણી થયાને હજુ ૨૪ કલાક પણ પૂર્ણ નથી થયા, ભાજપના નેતા સંજય પીપળીયા રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ બનતા જ તેમના પુત્રની દાદાગીરીની એક કથિત ઓડીયો કિલપ વાયરલ થઈ છે. તેણે પ્રતિસ્પર્ધીના ટેકેદારને ફોન કરીને અપશબ્દો કહ્યા હોવાનુ કિલપમાં બહાર આવ્યુ છે. પ્રમુખ સંજય પીપળીયાના પુત્ર હર્ષીલ પીપળીયાએ પ્રતિસ્પર્ધીના ટેકેદારને ધમકી આપી હોવાનો આક્ષેપ કરાયો છે.વાયરલ થયેલી કથીત ઓડીયો કિલપમાં પ્રમુખ પુત્ર હર્ષીલ પીપળીયા રાજકીય અદાવત રાખીને પ્રતિસ્પર્ધીના ટેકેદાર પર સરેઆમ રોફ જમાવી રહ્યો છે. તેણે ટેકેદારને ફોન પર ગાળો ભાંડી હોવાની કિલપ વાયરલ થઈ છે. હર્ષીલે ધમકી આપતા કહ્યુ હતુ કે જો હવે પછી તુ કયારેય જિલ્લા પંચાયતની આજુબાજુ પણ દેખાયો પણ તો તને ત્યાંથી જ સીધો ઉપાડી લઈશ. આ કિલપ વાયરલ થતા રાજકોટના રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. પ્રજાના સેવક બનવાના દાવા વચ્ચે સત્તા સંભાળતાની સાથે જ પરીવારજનો દ્વારા આચરાતી આવી દાદાગીરીથી લોકોમાં પણ રોષ જોવા મળી રહ્યો છે. જો કે સોશીયલ મીડીયા પર વાયુવેગે વાયરલ થઈ રહેલી આ ઓડીયો કિલપ અંગે ગરવી ગુજરાત ન્યુઝ કોઈપણ પ્રકારની સત્તાવાર પુષ્ટિ કરતુ નથી.

# સોમનાથ મંદિરમાં વીઆઈપી દર્શનની કોઈ પ્રથા નથી: ઓનલાઈન ઠગાઈથી બચવા ટ્રસ્ટે જાહેર કરી ખાસ ચેતવણી

પ્રતિનિધિ,ગાંધીનગર

દેશભરના કરોડો શ્રધ્ધાળુઓની આસ્થાનુ પરમ કેન્દ્ર એવુ પ્રથમ જયોતિલિંગ સોમનાથ મંદિર હવે ડીઝીટલ યુગમાં ઓનલાઈન ઠગોના નિશાને આવ્યુ છે. સોમનાથ દર્શન માટે આવતા ભોળા યાત્રાળુઓને વીઆઈપી દર્શન અથવા સ્પેશ્યલ એન્ટ્રી અપાવવાના બહાને સોશીયલ મીડીયા અને નકલી વેબસાઈટો મારફતે છેતરપીંડી આચરવામાં આવી રહી હોવાના કિસ્સા બહાર આવ્યા છે. જેને પગલે શ્રી સોમનાથ ટ્રસ્ટે ભકતોને ભારે સાવચેતી રાખવા અને સતર્ક રહેવા માટે ખાસ અપીલ કરી છે. શ્રી સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ સત્તાવાર સ્પષ્ટતા કરતા જણાવ્યુ હતુ કે સોમનાથ મંદિરમાં કોઈ વીઆઈપી દર્શન, સ્પેશ્યલ દર્શન કે પૈસા લઈને વિશેષ પ્રવેશ આપવાની કોઈ જ વ્યવસ્થા ઉપલબ્ધ નથી. સોમનાથ મંદિરમાં આવતા તમામ ભકતો માટે દર્શનની એક સમાન અને સુદ્રઢ વ્યવસ્થા છે. કોઈપણ વ્યકિત, એજન્ટ કે થર્ડ પાર્ટી વેબસાઈટ દ્વારા વીઆઈપી પાસ અથવા સ્પેશ્યલ ટીકીટના નામે રૂપીયા વસુલવામાં આવતા હોય તો તે સંપૂર્ણપણે ગેરકાયદેસર, નકલી અને ભ્રામક છે.




ટ્રસ્ટના આઈટી અને સીકયુરીટી વિભાગના ધ્યાનમાં આવ્યુ છે કે છેલ્લા કેટલાક દિવસોથી ફ્રોડ તત્વો ઓનલાઈન સર્ચ પ્લેટફોર્મ અને ડીઝીટલ માધ્યમોનો દુરુપયોગ કરી રહ્યા છે. તેઓ ભકતોને શિકાર બનાવવા મુખ્યત્વે ઓનલાઈન સર્ચ એન્જીન પર નકલી લીંકસ અને પેઈડ જાહેરાતો મુકીને વીઆઈપી ટીકીટ ઉપલબ્ધ હોવાનો ભ્રામક દાવો કરે છે. સોશીયલ મીડીયા પ્લેટફોમ્સ પર સ્પેશ્યલ એન્ટ્રીના નામે ભ્રામક અને અસત્ય માહિતી પ્રસારીત કરે છે, કેટલાક કિસ્સાઓમાં ભકતોને સીધા ફોન કરીને અથવા ઓનલાઈન પેમેન્ટ લીંક મોકલીને તાત્કાલીક રૂપીયા ટ્રાન્સફર કરાવવાના પ્રયાસો પણ કર્યાનુ ધ્યાને આવ્યુ છે. આ સોમનાથ ટ્રસ્ટે ભારપૂર્વક જણાવ્યુ હતુ કે ભકતોએ કોઈપણ પુજાવિધી , રૂમ બુકીંગ કે પ્રસાદ માટે માત્ર અને માત્ર ટ્રસ્ટના સત્તાવાર ડીઝીટલ પ્લેટફોર્મનો જ ઉપયોગ કરવો, ઓફીસીયલ વેબસાઈટ https:// somnath.org ભકતોને ખાસ અપીલ કરવામાં આવી છે કે એક માત્ર સત્તાવાર વેબસાઈટ સિવાય અન્ય કોઈપણ અજાણી વેબસાઈટ, સોશીયલ મીડીયા પેજ, મોબાઈલ એપ કે એજન્ટ દ્વારા અપાતી લોભામણી ઓફરો પર જરાય વિશ્વાસ ન કરવો,

આ પ્રકારની સાયબર ક્રાઈમની પ્રવૃત્તિઓને રોકવા માટે સોમનાથ ટ્રસ્ટ કડક કાયદાકીય પગલા લઈ રહ્યુ છે. ટ્રસ્ટની આઈટી ટીમ આવા ઓનલાઈન ફ્રોડ અને નકલી લીંકસ પર સતત ડીઝીટલ વોચ રાખી રહી છે. ગેરમાર્ગે દોરતી તમામ ઓનલાઈન માહિતી અને ભ્રામક નકલી વેબસાઈટને ઈન્ટરનેટ પરથી હટાવવા માટે ગુગલને સત્તાવાર રીતે રીપોર્ટ કરવામાં આવ્યો છે. આ સમગ્ર રેકેટ અને કથિત ઠગાઈમાં સંડોવાયેલા અજાણ્યા તત્વો વિરૂધ્ધ કાયદેસરની પોલીસ ફરીયાદ દાખલ કરવાની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી છે. જો કોઈ વ્યકિત સોમનાથ મંદિરમાં વીઆઈપી દર્શન કે સ્પેશ્યલ પાસે ના નામે નાણાંની ઉઘરાણી કરે તો તુરંત જ સાવચેત થઈ સંબંધિત પોલીસતંત્ર અથવા સોમનાથ ટ્રસ્ટના સત્તાવાર હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરી જાણ કરો. જેથી ડીઝીટલ ઠગાઈનો ભોગ બનવાથી બચી શકાય.

# રાજયમાં બાઈક ચાલકો માટે કેટલાક નિયમો બનાવાયા : ટ્રાફીક નિયમોના ભંગ બદલ હવે રૂ.૧૦ હજાર સુધીનો દંડ થઈ શકે છે



પ્રતિનિધિ,ગાંધીનગર

રોજીંદા જીવનમાં વાહનનો ઉપયોગ કરતા વાહન ચાલકો માટે એક ચેતવણી રૂપ સમાચાર તંત્ર દ્વારા અપાયા છે. વ્યવસ્થાને સુધારવા અને માર્ગ અકસ્માતો અટકાવવા માટે હવે નિયમો કડક બનાવવામાં આવ્યા છે. વાહન ચલાવતી વખતે ભુલ અથવા લાપરવાહી પણ ખિસ્સા પર ભારે પડી શકે છે. કારણ કે નિયમોના ભંગ બદલ હવે રૂપીયા ૧૦ હજાર સુધીનો મેમો ફાટી શકે છે.

હવે ડીઝીટલ કેમેરા અને ઓનલાઈન મોનીટરીંગ સિસ્ટમ સક્રિય હોવાથી ટ્રાફીક પોલીસથી બચીને નિકળવુ અશકય બન્યુ છે. ટ્રાફીકના કેટલાક નિયમો તરફ નજર કરીએ તો (૧) ડોકયુમેન્ટ્સ અને સુરક્ષાનો અભાવ (૨) હેલ્મેટ વિના વાહન ચલાવવુ , કવોલિટી વગરનુ હેલ્મેટ પહેરવુ , વેલીડ ડ્રાઈવીંગ લાયસન્સ ન હોવુ , વિમો કે ગાડીનુ રજીસ્ટ્રેશન પુરૂ થઈ ગયુ હોવુ, પીયુસી સર્ટીફીકેટ ન હોવુ અથવા મોડીફાઈડ સાયલેન્સર લગાવવા, નિયમોની વિરૂધ્ધ જઈને ફેન્સી કે ખોટી રીતે નંબરપ્લેટ લગાડવી, રસ્તા પર સ્ટંટ કરવા, ઓવરસ્પીડીંગ કે વાંકાચુકા વાહન ચલાવવુ, આ ભુલો બદલ લાયસન્સ પણ રદ થઈ શકે છે.

અન્ય નિયમો તરફ નજર કરીએ તો બાઈક પર ૩ સવારી બેસાડવી, ચાલુ બાઈકે મોબાઈલ પર વાત કરવી અને રેડ લાઈટ ક્રોસ કરવી, તમામ વાહન ચાલકોને વિનંતી છે કે તેઓ દંડથી બચવા અને પોતાની સુરક્ષા માટે હંમેશા હેલ્મેટ પહેરે, નિર્ધારીત લીમીટ જ માં વાહન ચલાવે અને ગાડીના તમામ દસ્તાવેજો સમયસર અપડેટ રાખે.